કહાન
સંવત-૧૨
વર્ષ-૪૮
અંક-૧૦
[ ૫૮૨ ]




વીર
સંવત
૨૫૧૮
સં. ૨૦૪૮
APRIL
A.D. 1992

આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# * શ્રાવકનું કર્તવ્ય શું ? *

( શ્રી પદ્મનંદિ-પંચવિંશતિશાસ્ત્રના 'ઉપાસક સંસ્કાર' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન )

[ પ્રવચન નં. ૧ ]

આ એક પદ્મનન્દિ-પંચવિંશતિ નામનું શાસ્ત્ર છે. અનેક સૈકા પહેલાં આ પદ્મનન્દિ આચાર્ય થઈ ગયા છે. તેમણે રચેલાં આ શાસ્ત્રમાં છવ્વીસ અધિકાર છે. તેમાંનો આ છઠ્ઠો ઉપાસક સંસ્કાર નામનો અધિકાર છે, જેનું બીજું નામ શ્રાવકાચાર છે. શ્રાવકના આચાર કેવા હોય એટલે કે તેની પર્યાયમાં ઉપાસકપણે કેવા સંસ્કાર હોય તેનું આ અધિકારમાં વર્ણન કર્યું છે.

અધિકારની શરૂઆતમાં આચાર્યદેવે સર્વ પ્રથમ વ્રત અને દાનના તીર્થને પ્રવર્તાવનારા ભગવાન ઋષભદેવ અને શ્રેયાંસકુમારને યાદ કરીને અધિકાર શરૂ કર્યો છે.

आद्यो जिनो नृपः श्रेयान् व्रतदानादिपुरुषौ ।
एतदन्योन्यसंबन्धे धर्मस्थितिरभूदिहो ॥ १ ॥

જુઓ ! આ પંચમકાળના ભાવલિંગી સંત પણ શ્રાવકના આચારનું વર્ણન કરતાં પ્રથમ આદિ જિનેન્દ્રને યાદ કરીને માંગલિક કરે છે. આદિ-જિન અર્થાત્ ઋષભદેવ અને શ્રેયાંસરાજા આ બંને ક્રમપૂર્વક વ્રતવિધિ અને દાનવિધિના આદિ પ્રવર્તક પુરુષ છે અર્થાત્ વ્રતોનો પ્રચાર સર્વ પ્રથમ ઋષભજિનેન્દ્ર દ્વારા શરૂ થયો અને દાનવિધિનો

પ્રચાર રાજા શ્રેયાંસથી શરૂ થયો. એમનો પરસ્પર સંબંધ થતાં અહીં ભરતક્ષેત્રમાં ધર્મની સ્થિતિ થઈ હતી.

ભરતક્ષેત્રમાં વર્તમાન ચોવીશીમાં પ્રથમ શ્રી ઋષભદેવે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ રત્નત્રયની ઐક્યતારૂપ ચારિત્ર ગ્રહણ કર્યું. માટે વ્રતની પ્રથમ શરૂઆત કરનાર ઋષભદેવ છે. ઋષભદેવને પ્રથમ તો છ મહિનાના ઉપવાસ હતા અને પછીના છ માહના આહાર માટે ગયા પણ વિધિ ન મળી તેથી આહાર લીધા વિના પાછા ફર્યા —એમ કુલ બાર મહિનાના ઉપવાસ થયાં.

કોઈને પ્રશ્ન થાય કે ભગવાનને ચાર જ્ઞાન પ્રગટેલાં હતાં તો આહાર નહિ મળે એમ પહેલેથી ખબર નહિ હોય! અરે ભાઈ! એ ચાર જ્ઞાનનો ઉપયોગ કાંઈ આહાર મળશે કે નહિ તેને માટે છે? ભાઈ! સાધક જીવો તો પોતાના સ્વભાવને સાધવાની રમતમાં પડયાં હોય છે. એ કાંઈ અવધિજ્ઞાન કે મનઃપર્યયજ્ઞાનની લબ્ધિ પ્રગટી હોય તેને જોવા નવરાં ન હોય. એ તો પોતાના સ્વભાવને સાધવામાં લીન હોય છે, તેમાં વચ્ચે સંયમના સાધનમાં નિમિત્તરૂપ આહારનો વિકલ્પ ઊઠે તો નગરમાં જાય છે પણ યથાર્થ વિધિપૂર્વક આહાર ન મળે તો એ તો વળી સાધનામાં લાગી જાય છે.

આ રીતે શ્રી ઋષભદેવને ૧૨ મહિના સુધી આહારનો વિરહ રહ્યો. કુદરતી જ આહારનો યોગ ન હતો માટે ન મળ્યો હો! ભગવાને આહારની વિધિનો ઉપદેશ આપ્યો ન હતો માટે આહાર ન મળ્યો એમ નથી.

દીક્ષા લીધા બાદ આ રીતે બાર માસ વીતી ગયા બાદ એક દિવસ રાજા શ્રેયાંસકુમારને સ્વપ્ન આવ્યું કે 'કલ્પવૃક્ષ સૂકાય છે! અહો, કલ્પવૃક્ષ સૂકાય છે!' તરત કોઈ નિમિત્તજ્ઞાનીને પૂછ્યું તો કહ્યું આજે તમારા આંગણે મુનિરાજ ઋષભદેવ પધારશે એમ લાગે છે. તેમને છ મહિનાના ઉપવાસ પછી છ મહિનાથી આહાર મળ્યો નથી માટે કલ્પવૃક્ષ સૂકાય છે એવું સ્વપ્ન આવ્યું લાગે છે.

કુદરતે તે દિવસે ઋષભદેવ મહા મુનિરાજ આંગણા તરફ પધારે છે. શ્રેયાંસકુમાર અને તેના વડીલ બંધુ સોમપ્રભ રાજા છે, તેઓ બંને વિનયથી ઊભા છે, ભગવાનને જુએ છે ત્યાં જ શ્રેયાંસકુમારને જાતિસ્મરણ થાય છે. પૂર્વના આઠમે ભવે આ ભગવાન મારા પતિ હતા અને અમે બંનેએ મુનિરાજને આહારદાન આપ્યું હતું; એ વિધિ યાદ આવી ગઈ.

વર્તમાનમાં તો પોતે મણિ-રતનની પૂતળી જેવા રાજકુમાર છે, ચરમશરીરી છે, બંને ભાઈઓને અજોડ પ્રેમ છે. નાનાભાઈ-શ્રેયાંસકુમારને જાતિસ્મરણ થતાં આહારદાનની વિધિ યાદ આવી ગઈ તે અનુસાર આહાર આપે છે તો મોટાભાઈને ખૂબ પ્રમોદ

થાય છે કે અહા ! મારા આંગણે આજે કલ્પવૃક્ષ આવ્યાં અને સફળ થયાં. ધન્ય ઘડી અને ધન્ય ભાગ્ય ! કુદરતે ઘરે શેરડીના રસના ઘડા આવ્યાં છે તે મુનિરાજને વહોરાવે છે. ત્યાં તો ઉપરથી દેવો અહો દાન–મહા દાન કહીને દાનની મહિમા કરે છે. પુષ્પની વૃષ્ટિ થાય છે, કુદરતના પરમાણુ રત્નના સ્કંધરૂપે પરિણમીને રત્નો વરસે છે.

બંને ભાઈઓને આનંદનો પાર રહેતો નથી. અહો...અહો...આ ચોવીશીના પ્રથમ ત્રિલોકનાથ તીર્થંકરનું પહેલું પારણું અમારા આંગણે ! અમારો અવતાર સફળ થયો. પોતે પણ જ્ઞાની છે પણ પ્રથમ તીર્થંકર થનારા મુનિરાજને પોતાના આંગણે આહાર કરાવીને ખૂબ પ્રમોદ પામે છે, પોતાને ધન્ય માને છે. પ્રભુ ! આપે અમારા આંગણે પધારીને આંગણાં પાવન કર્યાં. આજે અમારા જીવનની કોઈ ધન્ય પળો છે. આમ વિકલ્પમાં છે પણ બંને ભાઈઓને આનંદ આનંદ થઈ રહ્યો છે. અંતરથી પ્રમોદ અને વાત્સલ્યભાવ એવો ઊછળ્યો હતો કે આચાર્યદેવ કહે છે કે હું તે ભાવને યાદ કરીને આ અધિકાર શરૂ કરું છું. અહો ! જેણે અંતરમાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર પ્રગટ કર્યા અને સાથે જેને પંચ મહાવ્રતનો વિકલ્પ હતો એવા શ્રી ઋષભદેવે વ્રતાવધિ શરૂ કરી અને શ્રેયાંસકુમારે તેમને આ રીતે આહાર આપીને દાનવિધિ શરૂ કરી છે માટે આ બંને મહાત્મા વ્રતતીર્થ અને દાનતીર્થ પ્રવર્તાવવામાં આદિપુરુષ છે તેથી શ્રાવકોના આચારનું આ વર્ણન કરતાં પ્રથમ હું તે બંને મહાત્માઓનું સ્મરણ કરું છું.

એક તરફ ચારિત્રધર્મ અને બીજી બાજું દાનધર્મ. આ બંને ધર્મતીર્થના થાંભલા આ બે મહાત્મા—ઋષભદેવ અને શ્રેયાંસકુમાર દ્વારા રોપાય છે. માટે દાન-અધિકાર શરૂ કરતાં પણ આચાર્યદેવે મંગલરૂપે તેમને જ યાદ કર્યા છે, કેમ કે મંગલાચરણમાં એ પણ એક મહાન માંગલિક છે.

હવે આચાર્યદેવ ધર્મના સ્વરૂપનું વર્ણન કરે છે. કેમ કે, શ્રાવકનો આચાર શરૂ કરતાં પહેલાં તેને સમ્યગ્દર્શન, જ્ઞાન અને અંશે ચારિત્ર હોવું જોઈએ. સમ્યગ્દર્શન વગર ચારિત્ર ન હોય. આગળના અધિકારમાં આવી ગયું છે કે, એક સમ્યગ્દર્શન હોય તો એ પુરુષ પ્રસંશનીય છે. પણ અહીં તો એ ઉપરાંત શ્રાવકના વ્રત અને આચરણરૂપ પંચમગુણસ્થાનનું વર્ણન કર્યું છે.

सम्यग्दग्बोधचारित्रत्रितयं धर्म उच्यते ।
मुक्तेः पन्थाः स एव स्यात् प्रमाण परिनिष्ठितः ॥ २ ॥

ભગવાન આત્મા નિર્વિકલ્પ વસ્તુ છે એવું અંતરમાં ભાન થવું તેને સમ્યગ્દર્શન કહે છે. આ નિશ્ચય સમ્યગ્દર્શન છે. તેના વગર શ્રાવકપણું હોઈ ન શકે. અરે !

સિદ્ધદશા પ્રગટ થાય ત્યાં પણ આ સમ્યગ્દર્શન રહે છે. વ્યવહાર સમ્યક્ત્વ કે વ્રતાદિ ત્યાં હોતા નથી. સમ્યગ્દર્શન એટલે સત્સ્વરૂપનું અંતરમાં ભાન થવું, સમ્યગ્જ્ઞાન એટલે જ્ઞાનનું જ્ઞાનથી વેદન થવું—ભાવશ્રુતનું વેદન થવું અને સમ્યક્ચારિત્ર એટલે આત્માની અંદરમાં શાંતિ અને આનંદની જમવટ જામવી તે સાચું ચારિત્ર છે અને આ ત્રણેયના સમુદાયને ધર્મ કહે છે. ...त्रितयं धर्म उच्यते । આ, પ્રમાણથી નક્કી થઈ ગયેલી વાત છે, સમ્યગ્જ્ઞાનથી, કેવળજ્ઞાનથી નક્કી થયેલી વાત છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા તે ધર્મ છે, તે જ મોક્ષનો માર્ગ છે કે જે પંથ પૂરો થતાં મોક્ષ થઈ જાય છે. અનંત ગુણસમાજ અભેદ એક આત્માની અંતરમુખ થઈને પ્રતીતિ, તેનું જ્ઞાન અને તેમાં રમણતા એ મોક્ષનો પંથ છે કે જે પંથ પૂરો થતાં મોક્ષ છે.

रत्नत्रयात्मके मार्गे संचरन्ति न ये जनाः ।
तेषां मोक्षपदं दूरं भवेद्दीर्घतरो भवः ॥ ३ ॥

જે જીવ રત્નત્રયસ્વરૂપ આ મોક્ષમાર્ગમાં સંચાર કરતાં નથી તેને કદાપિ મોક્ષની પ્રાપ્તિ થતી નથી. ત્રણકાળ-ત્રણલોકમાં કોઈને રત્નત્રય વિના મોક્ષની પ્રાપ્તિ હોતી નથી. મોક્ષ તો નથી પણ તેનો તો સંસાર લાંબો થઈ જાય છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પંથે આવતાં નથી તેને તો સંસારનું રઝળવું અનંતકાળ સુધી મટતું નથી.

આ, રત્નત્રયધર્મનું સામાન્ય સ્વરૂપ કહ્યું. હવે તેના બે ભાગ પાડે છે. એક શ્રાવકધર્મ અને એક મુનિધર્મ. ધર્મના માર્ગમાં શ્રાવકપણું અને મુનિપણું બંને હોય છે તેની ના જ નથી. કોઈ સમજ્યા વગર કહેવા લાગે કે સોનગઢવાળા તો પડિમાને માનતાં નથી, મુનિને માનતાં નથી; તો એમ નથી. બધું છે, પણ તેનું યથાર્થ સ્વરૂપ તો સમજવું જોઈએ ને! બાપુ! વ્રત અને ચારિત્ર તો મહા અલૌકિક નિધિ છે, એ તો અખૂટ ખજાનો છે પણ તે કોને હોય તેની વાત અહીં મુખ્યપણે ચાલે છે. જેને સમ્યગ્દર્શન અને જ્ઞાન પ્રગટ થયા છે તેને મુનિના ચારિત્ર અને અંશે ચારિત્રરૂપ શ્રાવકના ઉપાસક સંસ્કાર આદિ હોય છે. ન હોય એમ નથી. પણ હોય કોને? કે જેને સમ્યગ્દર્શનપૂર્વક અંશે સ્વરૂપની લીનતારૂપ દશા પ્રગટ થઈ હોય તેને હોય. હજુ આત્માના દર્શનની ખબર ન હોય, મારે ક્યાં ઠરવું છે, મને ક્યાંથી શાંતિ મળશે એ ખબર વિના ઉપરથી માત્ર વ્રત લઈ લે તો એને તો પુણ્ય બંધાય પણ ધર્મ ન થાય. મિથ્યાત્વની તીવ્ર ગાંઠ ગાળ્યા વિના કોઈને વ્રત અને તપ સાચા હોય ન શકે.

આચાર્યદેવ કહે છે કે આ રત્નત્રયરૂપ મોક્ષપંથ અને તેના ફળરૂપ મોક્ષને જે

ન સમજે, ન કરે, તેમાં ન રમે તેનો સંસાર દીર્ઘતર છે એટલે કે તેનો સંસાર અનંત છે તે છૂટતો નથી. માટે તારે સંસારથી છૂટવું હોય તો આ રત્નત્રયરૂપ ધર્મને ઓળખ. આ ધર્મ બે ભેદથી સમજાવે છે:—

संपूर्णदेशभेदाभ्यां स च धर्मो द्विधा भवेत् ।
आद्ये भेदे च निर्ग्रन्थाः द्वितीये गृहिणः स्थिताः ॥ ४ ॥

સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત છઠ્ઠા–સાતમા ગુણસ્થાનમાં ઝૂલતા મુનિને સંપૂર્ણધર્મ કહેવાય છે. તે ભૂમિકામાં ઝૂલતાં સંતને ભૂમિકા અનુસાર પંચમહાવ્રત અને અઠ્ઠાવીસ મૂળગુણના વિકલ્પો બરાબર હોય છે, ભગવાનની ભક્તિ, પૂજા, વંદનાના ભાવ પણ હોય છે. બાહ્યમાં તેની દશા તદ્દન નિર્ગ્રંથ દશા હોય છે. પૂર્ણતા તો ૧૪મા ગુણસ્થાને થાય છે પણ ચોથા અને પાંચમા ગુણસ્થાનવાળાની અપેક્ષાએ મુનિને છઠ્ઠા ગુણસ્થાનથી સર્વદેશ ચારિત્ર કહેવાય છે અને શ્રાવકને એકદેશ ચારિત્ર કહેવાય છે. આત્મ-પ્રતીતિ તો બંનેમાં સમાન છે પણ ચારિત્રમાં ફેર હોય છે. સમ્યગ્દર્શન તો જેવું તિર્યંચને હોય એવું જ સિદ્ધને હોય.

શાસ્ત્રમાં પણ આવે છે કે ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના ધારી ગણધરદેવને જેવી આત્માની પ્રતીતિ છે એવી જ પ્રતીતિ સમ્યગ્દૃષ્ટિ તિર્યંચને હોય છે. પ્રતીતિમાં ચોથા ગુણસ્થાનવાળા, પાંચમાવાળા, મુનિ, અરિહંત કે સિદ્ધમાં ફેર ન હોય. રમણતામાં–ચારિત્રમાં દરેકને ફેર હોય છે. સમ્યગ્દૃષ્ટિને નિર્ગ્રંથદૃષ્ટિ પ્રગટ થઈ છે પણ મુનિને તો નિર્ગ્રંથદૃષ્ટિની સાથે નિર્ગ્રંથદશા પ્રગટ થઈ છે. ત્રણ કષાયના અભાવપૂર્વક આત્મામાં રમણતા થઈ છે તેવી મુનિદશા એ તો પહેલાંમાં પહેલો–ઊંચો ધર્મ છે.

પુરુષાર્થસિદ્ધઉપાય તો એમ કહે છે કે સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું છે તેવા જીવને પહેલાં મુનિપણાનો જ ઉપદેશ આપવો, પછી જો તેનામાં મુનિપણું પાળવાની તાકાત ન હોય તો નબળાયના કારણે તેને પંચમગુણસ્થાનના વ્રતાદિ લેવાની વાત પ્રરૂપાય. મુનિપણું કાંઈ આમ ને આમ વગર વિચાર્યે લઈ લેવાતું નથી. નગ્નપણું લઈ લેવાથી મુનિપણું આવી જતું નથી. મુનિ થવા માટે તો પોતાના પરિણામમાં કેટલી સહનશીલતા આવી છે, કેટલી આવી શકે તેમ છે, બહારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ યોગ્ય છે કે નહિ, પોતાના પુણ્ય અને સંયોગ મુનિપણાને યોગ્ય છે કે નહિ, બહારના વ્યવહારચારિત્રમાં પણ કાંઈ દોષ ઊભો થાય તેમ નથી ને! એ બધી વાતનો બરાબર વિવેક કરીને મુનિપણું અંગીકાર કરે છે. સમ્યગ્દૃષ્ટિ શ્રાવકપણું પણ પોતાના પરિણામની યોગ્યતા જોઈને જ ગ્રહણ કરે છે.

આમ, શ્રાવકધર્મ અને મુનિધર્મના ભેદથી ધર્મ બે પ્રકારે છે. તેમાં સર્વદેશ મુનિધર્મનું પાલન વીતરાગ નિર્ગ્રંથ મુનિ કરે છે અને શ્રાવક એકદેશ વીતરાગધર્મનું પાલન કરે છે. નીચેના ગુણસ્થાનમાં વીતરાગતા ન હોય એમ નથી. ચોથા ગુણસ્થાને જ ધર્મીને વીતરાગ સમ્યક્ દૃષ્ટિ હોય છે. રાગની એકતા નથી અને સ્વભાવની એકતા છે એવું વીતરાગ સમ્યગ્દર્શન છે, વીતરાગ ભાવશ્રુતજ્ઞાન છે અને ચારિત્રની જેટલી એકાગ્રતા-શુદ્ધિ છે તે પણ વીતરાગભાવ છે, અને જેણે એકદેશધર્મરૂપ શ્રાવકપણું અંગીકાર કર્યું છે તેને અંદરની શુદ્ધિની સાથે રાગમાં બાર વ્રત, છ આવશ્યક આદિનો ભાવ આવ્યા વગર રહેતો નથી તે આગળ કહેશે.

संप्रत्यपि प्रवर्तेत धर्मस्तेनैव वर्त्मना ।
तेन तेऽपि च गण्यन्ते गृहस्था धर्महेतवः ॥ ५ ॥

શ્રાવક ગૃહસ્થાશ્રમમાં રહીને મુનિને આહારદાન આપીને મુનિધર્મ ટકાવી રાખે છે અને પોતાની શ્રાવકદશાને પણ ટકાવે છે માટે બંને ધર્મનો આધાર શ્રાવકને કહેવામાં આવે છે.

શ્રોતાઃ—કોઈ કોઈનો આધાર નથી ને!

પૂજ્ય ગુરુદેવઃ—છે તો એમ જ. કોઈ કોઈના આધારે નથી પણ નિમિત્ત તરીકે ગૃહસ્થને આધાર કહ્યો છે. વ્યવહારનયથી એમ પણ કહેવાય કે ગૃહસ્થ મુનિને આહાર આપે છે, આહારથી શરીર ટકે છે, દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ સધાય છે અને એ ધર્મથી મોક્ષ થાય છે માટે ગૃહસ્થે તો મુનિને મોક્ષ આપ્યો એમ કહેવાય પણ તેને એમ જ માની ન લેવાય. એમાં તો શ્રાવકના ભાવ જોવાના છે કે તેને એમ થાય છે અરે! આ (મારા) શરીરમાં કોળિયા પડે છે તેના કરતાં મારા ઘરે જો મુનિરાજ પધારે અને તેના પેટે કોળિયો પડે તો મારો દિવસ ધન્ય થાય...સફળ થાય.

ભરત ચક્રવર્તી જેવા છ ખંડના ધણી, સોળ હજાર દેવો તો જેની સેવામાં ઊભા હોય, એવા સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી પણ આહારના સમયે કોઈ મુનિરાજ આંગણે પધારે તો હું ધન્ય થાઉં એવા ભાવે મહેલની બહાર ઊભા રહે છે. મણિ-રતનના મહેલ છે, મણિ-રતનની ચાખડી પહેરી હોય, સોનાની જનોઈ હોય અને અપાર વૈભવવાળા એ ચક્રવર્તી મુનિની રાહ જોતાં હોય...ત્યાં ઉપરથી કોઈ મુનિરાજ પધારે તો ધન્ય ધન્ય થઈ જાય છે. આવો ભાવ ગૃહસ્થાશ્રમમાં શ્રાવકને આવ્યા વગર રહેતો નથી. આવે જ છે માટે મુનિ માટે એવા ભાવ કરે છે એમ પણ કહેવાય છે કેમ કે એવા ભાવનું પરિણમન છે ને!...પણ દૃષ્ટિમાં એને કર્તૃત્વબુદ્ધિ નથી.

પદ્મનંદિ આચાર્યે આગળ એક શ્લોકમાં તો શ્રાવકને વંદ્ય કહ્યા છે. શ્રાવક ભવ્યજીવોને હિતકર એવા જિનમંદિર બંધાવે છે, જિનપ્રતિમા બિરાજમાન કરે છે, ભક્તિ આદિ કાર્ય કરે છે માટે ભવ્યજીવોને માટે શ્રાવક તો વંદ્ય નામ સ્તુતિ કરવા યોગ્ય છે. મંદિર આદિ તો તેના થવા કાળે જ થાય છે પણ તેમાં શ્રાવકનો ભાવ નિમિત્ત છે માટે કહે છે કે તેને ધન્ય છે. પોતાના ધર્મનો તો ઉદ્ધાર કરે છે અને બીજાને પણ ઉદ્ધારમાં નિમિત્ત થાય છે માટે શ્રાવક સ્તુતિયોગ્ય છે—પ્રશંશા યોગ્ય છે.

संप्रत्यत्र कलौ काले जिनगेहे मुनिस्थितिः ।
धर्मश्च दानमित्येषां श्रावका मूलकारणम् ॥ ६ ॥

અરે ! આ પંચમકાળમાં શ્રાવકગણ મંદિર બનાવે, તેમાં જિનપ્રતિમા સ્થાપે, મુનિને આહારદાન આપે છે એ બધો તેનો શુભભાવ છે. અશુભથી બચવા આવા શુભભાવને વ્યવહારનયથી તે કરે છે એમ કહેવાય છે. જ્ઞાનદાનની મહિમાના શ્લોકમાં આથી વિશેષ શુભભાવ વર્ણવ્યા છે કે શ્રાવક સર્વજ્ઞદેવે કહેલાં શાસ્ત્રોનું ભક્તિપૂર્વક વ્યાખ્યાન કરે છે. જુઓ ! 'ભક્તિપૂર્વક' શબ્દ પડયો છે હો ! સર્વજ્ઞની વાણી જે પોતાને શ્રદ્ધામાં બેઠી છે તે બીજાને સમજાવે છે. વિશાળ બુદ્ધિવાળા ભવ્યજીવોને વાંચવા માટે શ્રાવક શાસ્ત્રનું દાન પણ કરે છે. આ જીવ શાસ્ત્ર વાંચીને સમ્યગ્જ્ઞાન પ્રગટ કરશે એમ ખ્યાલમાં આવે તેને શાસ્ત્રદાન કરે છે અને આવું દાન કરનાર પોતે સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત હોવાથી અલ્પકાળમાં સર્વ જગતને હાથની રેખા સમાન દેખવાવાળા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરશે.

મૂળ તો તેને અંદરમાં જેટલી એકાગ્રતા અને વીતરાગતા ઘૂંટાય છે એ જ મુક્તિનું કારણ છે. શાસ્ત્રદાનનો તો વિકલ્પ છે પણ વ્યવહારનયની કથનપદ્ધતિ વ્યભિચાર-યુક્ત છે એટલે જ્ઞાનદાનથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ બતાવે પણ તેનો અર્થ તો એમ કરવો કે અહો ! એને જ્ઞાનસ્વભાવ રુચ્યો છે ને ! એટલે બીજાને જ્ઞાન આપું બીજા સમજે, શાસ્ત્ર રચું, શાસ્ત્ર બીજાને આપું એમ જ્ઞાનનું રાગરહિતપણું જેટલું ઘૂંટાય છે એ ખરું જ્ઞાનદાન છે અને સાથે જે રાગ આવે છે તે પુણ્યબંધનું કારણ છે, પણ વ્યવહારે તેને મોક્ષનું નિમિત્તકારણ કહેવામાં આવે છે.

પોતાનું હિત ચાહવાવાળા ભવ્યજીવે ઉત્તમ જ્ઞાનદાન અવશ્ય કરવું જોઈએ. ચાર પ્રકારના દાન—આહારદાન, ઔષધદાન, અભયદાન અને જ્ઞાનદાન—તેમાં જ્ઞાનદાન સૌથી ઉત્તમ છે કેમ કે તે જન્મ-મરણનો અભાવ કરવાવાળું છે. શ્રાવકને તો જ્ઞાનની ભક્તિ જાગી છે ને ! એટલે એ અંદરમાં અને બહારમાં જ્ઞાનની પુષ્ટિ વડે અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરશે.

આચાર્યદેવે તો જંગલમાં રહીને, કરુણા કરીને, જેની જેટલી મર્યાદા હોય તે અનુસાર બધાં ભાવ બતાવ્યા છે.

અહીં માટે એમ કહેવાય છે ને કે, શ્રાવકના અને મુનિના આચારની તો વાત જ કરતાં નથી એટલે આ અધિકાર ખાસ લીધો છે. વ્યવહાર બધોય છે તેની ના નથી પણ સમ્યગ્દર્શન અને જ્ઞાન થયા પછી જ એવો વ્રતાદિનો વ્યવહાર હોઈ શકે છે માટે દર્શન-જ્ઞાનનું વજન વધારે અપાય છે, એ જ ભાવ ઘૂંટાવાય છે. દર્શન-જ્ઞાનની શુદ્ધિરૂપ મૂળને મજબૂત કર્યા વિના આગળ જશે તેનું બધું વ્યર્થ જશે માટે એ મૂળ દર્શન-જ્ઞાનની શુદ્ધિપૂર્વક શ્રાવકને બાર વ્રત, ભક્તિ, દર્શન, પૂજા આદિ બધું હોય છે. જિન-પ્રતિમા બનાવે...મંદિર બનાવે, પ્રભાવના કરે, રથયાત્રા કાઢે વગેરે બધું હોય પણ શ્રાવક જાણે છે કે આ બધાં કાર્યો થવાયોગ્ય થાય છે તેમાં મારો રાગ નિમિત્ત છે. આ રાગ બહારના કાર્યોમાં પણ નિમિત્ત છે અને મારા અંતરની શુદ્ધિના કાર્યમાં પણ તે નિમિત્ત છે એમ ધર્મીની દૃષ્ટિ બરાબર કામ કરે છે.

આ રીતે ધર્મીની દૃષ્ટિ આત્મામાં નજરું નાંખે છે પણ જેને દૃષ્ટિ જ સાચી નથી તેને તો મૂળ વગર શાખા ક્યાંથી હોય ?

શ્રાવક મંદિર બનાવે એ પણ કાંઈ સાધારણ ન બનાવે, ઊંચામાં ઊંચું અને સુંદર બનાવે. જેમ ઘરના મકાનમાં લોકો કેવી રીતે ચારે બાજુ શોભા કરાવે છે ? તેમ મંદિર પણ શોભે તેવું સુંદર બનાવે. કેમ કે તેમાં તો સ્થાપના-નિક્ષેપે ભગવાન બિરાજમાન થાય છે ને ! બનારસીદાસજી તો કહે છે 'જિનપ્રતિમા જિનસારખી, કહી આગમમાંય' સાક્ષાત્ ભગવાન બિરાજતાં હોય એવો એને પ્રેમ આવે. સંસારમાં સ્ત્રી, પુત્રાદિ સ્વજન મરી ગયા હોય તેનો ફોટો જોવે ત્યાં પણ પ્રેમ આવે છે ને ! તેમ ધર્મીને ત્રણલોકના નાથના પ્રતિબિંબમાં પૂજા-ભક્તિનો ભાવ આવ્યા વગર રહેતો નથી.

વ્યવહાર નથી એમ નથી. વ્યવહાર છે માટે જ તો દૃષ્ટિમાં તેનો નિષેધ કરવામાં આવે છે. શાસ્ત્રમાં ચાર પ્રકારની પૂજા કહી છે. દેવો દ્વારા પૂજા થાય, ચક્રવર્તી પૂજા કરે, શેઠિયાઓ પૂજા કરે અને સાધારણ મનુષ્યો પૂજા કરે. તે સૌ પોતપોતાની ઋદ્ધિ પ્રમાણે પૂજા કરે છે. એક દિવસમાં અબજો રૂપિયાનો ખર્ચ કરીને પૂજા કરે એવો પણ શાસ્ત્રમાં પાઠ આવે છે. ભક્તિનો ભાવ ઊછળે છે અને ધનાદિનો રાગ ઘટે છે તે અનુસાર મહાપૂજાઓ ભક્તો કરે છે.

દાન અધિકારમાં તો આવ્યું છે કે ધર્માત્મા નામ ધરાવે અને પોતાની શક્તિ અનુસાર ધર્મના કાર્યમાં દાનાદિ ન કરે, રાગ ન ઘટાડે, પુણ્યના કાર્ય ન કરે તો તે

માયાચારી છે. છોકરાના લગ્નમાં લાખ-બે લાખ ખર્ચી નાખે અને ધર્મના કાર્યમાં 'આ આપણું કામ નહિ' એમ કહીને ઊભો રહે છે તો ભાઈ ! તારી પ્રીતિની દિશા જ હજુ ફરી નથી. ધર્મની પ્રીતિ હોય તેને ધર્મના સાધનોમાં પ્રીતિ અને ખર્ચ કરવાનો ભાવ આવ્યા વગર રહે નહિ.

जिनग्रहे मुनिस्थितिःનો અર્થ એ છે કે શ્રાવકો આહાર આપીને મુનિની શરીરની સ્થિતિ કરે છે. ધર્મની પ્રીતિવાળા ગૃહસ્થ શ્રાવકને ધાર્મિક જીવો પ્રત્યે પ્રેમ આવ્યા વગર રહેતો નથી. રત્નકરંડશ્રાવકાચારમાં કહ્યું છે ને! 'न धर्मो धार्मिकै विना ।' ધર્મી જીવ વિના ધર્મ હોતો નથી માટે જેને ધર્મનો પ્રેમ છે તેને ધાર્મિકજીવ પ્રત્યે પ્રેમ આવ્યા વગર રહે જ નહિ. અષ્ટપાહુડમાં પણ આવ્યું છે કે, ધર્મ પ્રત્યે પ્રેમ છે તેને ધર્મી-ધ્યાની પ્રત્યે પ્રેમ હોય જ છે, ન હોય તો તેને ધર્મનો જ પ્રેમ નથી.

અહીં કહ્યું કે, ગૃહસ્થ શ્રાવક મંદિર બનાવે છે ત્યાં અજ્ઞાની તર્ક ઉઠાવે કે, જુઓ ! તેનાથી મંદિર બને છે ને ! જડના કાર્ય જીવ કરી શકે છે ને ! ભાઈ ! આ વ્યવહારના કથનો છે. શ્રાવકને મંદિર બનાવવાનો ભાવ આવ્યો છે માટે તે બનાવે છે એમ કહેવાય છે. બાકી એક એક રજકણ પોતાની સ્થિતિ અનુસાર પરિણમે છે તેને કોઈ કરી શકતું નથી. મંદિર બને તો લોકો દર્શન કરી શકે, ભક્તિ-પૂજા થાય એવો શ્રાવકનો જિનમંદિર પ્રત્યેનો અહોભાવ મંદિર બનવામાં નિમિત્ત છે તે અપેક્ષાએ તેણે મંદિર બનાવ્યું એમ કહેવાય છે.

નિમિત્તના કથનો એવા છે કે જો તેનો વાસ્તવિક અર્થ અને તેની મર્યાદા ન જાણે તો નિમિત્તને ઉપાદાનમાં ખતવી લે; તેને વાસ્તવિક તત્ત્વની ભૂલ થાય. મુનિરાજને આહાર આપીને શ્રાવક તેના શરીરની સ્થિતિ કરે છે એ નિમિત્તનું કથન છે. મુનિના શરીરની સ્થિતિ તો તેના આયુષ્ય પ્રમાણે રહે છે.

જો તારે વીતરાગમાર્ગને પ્રવર્તાવવો હોય તો નિશ્ચય અને વ્યવહાર બંને નયને ચૂકીશ નહિ એમ કહ્યું છે એટલે કે નિશ્ચયતત્ત્વનો આશ્રય ચૂકીશ નહિ અને ગુણસ્થાન અનુસાર વ્યવહારના ભંગ ભેદ અને દયા-દાનાદિ ભાવ હોય છે તેને કબૂલ કરજે કે આવા ભાવો હોય છે. વ્યવહારમાર્ગ છે—તીર્થ છે, ગુણસ્થાન છે, ગુણસ્થાનની શ્રેણીના ભંગ-ભેદ પણ છે તેનો નિષેધ ન કરીશ. તેને નહિ માન તો તીર્થ જ ઉડી જશે અને નિશ્ચયનો આશ્રય નહિ હોય તો ધર્મ જ નહિ થાય માટે નિશ્ચયનો આશ્રય ચૂકીશ નહિ.

પદ્મનંદિ મુનિરાજ ભાવલિંગી મુનિ છે, વનવાસમાં રહેતાં હતાં અને તેમણે આ પદ્મનંદિ પંચવિંશતિના છવ્વીસ અધિકાર બનાવ્યા છે તેમાં તો જાણે ભગવાન સાથે

વાતો કરતાં હોય! એવા ભાવ ભર્યા છે. જેવા કુંદકુંદઆચાર્ય થઈ ગયા એવા જ આ પદ્મનંદિઆચાર્ય છે. ઘણાં ઘણાં શાસ્ત્રોમાં કુંદકુંદઆચાર્યની ગાથાની ઝલક આવી જાય છે. આમાં પણ સમયસારની તેરમી ગાથા આગળ આવી ગઈ છે. વ્યવહાર તે અભૂતાર્થ છે, નિશ્ચયધર્મ તે એક જ ધર્મ છે.

શ્રાવક મુનિઓના સંયમના સાધન એવા શરીરની સ્થિતિ કરે છે સાથે પોતાના એકદેશધર્મની પ્રવૃત્તિ પણ કરે છે. ચારેય પ્રકારના દાન આપે છે. દર્શનશુદ્ધિમાં રાગનો નિષેધ વર્તતો હોવા છતાં ભૂમિકા અનુસાર દાનાદિના ભાવથી તેને પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે અને તે પુણ્ય તેને ભવિષ્યમાં ધર્મને અનુકૂળ સામગ્રી પ્રાપ્ત થવાનું નિમિત્ત બને છે અને જેટલી શુદ્ધતા પ્રગટી છે તે અંતરની રમણતાનું સાધન બને છે. બંને વાત છે. તેમાં એક આદરવાલાયક છે અને એક વ્યવહારે જાણવાલાયક છે એટલે વ્યવહાર છે એમ બરાબર તેને કબૂલ કરવો જોઈએ.

આમ, મુનિઓની સ્થિતિ, ધર્મ અને દાન આ ત્રણેયનું મૂળકારણ ગૃહસ્થ શ્રાવક છે. મુનિને આવા કાર્યો હોતા નથી. શ્રાવકને જ આવા કાર્યો હોય છે માટે તેને મૂળકારણ કહ્યાં છે.

સમયસારના પ્રવચનની અને આ પ્રવચનની વાત જુદી નથી હો! બંનેને સંધિ છે. નિજવસ્તુના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા પ્રગટ થાય છે તે જ પરમાર્થ ધર્મ છે પણ તેની સાથે આવો વ્યવહાર મોક્ષમાર્ગનો ભાવ આવ્યા વગર રહેતો નથી. જો જિનમંદિર બનાવવાનો, દયા-દાન-ભક્તિ આદિનો ભાવ આવતો ન હોય તો એ વીતરાગ થઈ જાય અથવા તો અજ્ઞાની હોય તો તેને એવો ભાવ ન આવે. સાધકને તો એવો બાધકભાવ આવ્યા વગર રહે જ નહિ. હજુ તો સ્ત્રી-પુત્રાદિના પોષણનો ભાવ પણ હોય છે તો મુનિ આદિના પોષણનો ભાવ તો તેનાથી ઘણો વિશેષ હોય જ. માટે સર્વ શુભકાર્યોના મૂળકારણ શ્રાવક જ હોવાથી શ્રાવકધર્મ પણ અત્યંત ઉત્કૃષ્ટ છે.

દરેક વાતમાં તેની અપેક્ષા સમજવી જોઈએ. શ્રાવકધર્મને અત્યંત ઉત્કૃષ્ટ કહ્યો તે ચોથા ગુણસ્થાનની અપેક્ષાએ કહ્યો. છઠ્ઠા-સાતમા આદિ ગુણસ્થાનોની અપેક્ષાએ શ્રાવકનું પાંચમું ગુણસ્થાન ઊંચું નથી.

હવે ૭ મા શ્લોકમાં શ્રાવકના છ આવશ્યક કહે છે. નિયમસારમાં તો જરૂર કર્તવ્યયોગ્ય એવા દર્શન, જ્ઞાન, ચારિત્રને નિશ્ચય આવશ્યક કહે છે. જેમાં પરનો આશ્રય નથી એવા સ્વાશ્રિત ભાવને આવશ્યક કહ્યાં છે પણ અહીં તેવા નિશ્ચયની સાથે વ્યવહારથી જે આવશ્યક છે અને અશુભથી બચવા માટે જે શુભભાવ આવ્યા વગર રહેતો નથી તેવા ભાવને અવશ્ય કરવા લાયક એવા આવશ્યક કહ્યાં છે.

देवपूजा गुरूपास्तिः स्वाध्यायः संयमस्तपः
दानं चेतिगृहस्थानां षट्कर्माणि दिने दिने ॥ ७ ॥

दिने दिने એટલે હંમેશા શ્રાવક ભગવાનની પૂજા કરે છે તો પ્રશ્ન ઊઠે કે આમાં તો ક્રમભંગ ન થયો! ના, શ્રાવકની ભૂમિકાના ક્રમમાં એવો ભાવ હોય જ છે માટે ક્રમભંગ થતો નથી. મુનિએ એમ પણ કહ્યું છે કે, શ્રાવકે સવારમાં ઊઠીને પ્રથમ દેવ-ગુરુના દર્શન કરવા, શાસ્ત્રનું શ્રવણ કરવું અને પછી બીજા કાર્યો કરવા. વ્યવહારના કથનો તો દરેક જાતના આવે ત્યાં બીજાં કામ કરવાનો આદેશ નથી પણ તીવ્ર પાપના કાર્યો કરતાં પહેલાં આ કાર્ય પ્રથમ ઊઠીને કરજે, કેમ કે એ તારે જરૂરનું કાર્ય છે.

વર્તમાનમાં અહીં તો સાક્ષાત્ ભગવાન નથી તો શ્રાવક હંમેશા જિનપ્રતિમાના દર્શન અને પૂજા કરે છે. તે ઉપરાંત ગુરુની સેવા, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન આ છ કર્મ શ્રાવકને આવશ્યક છે. આગળ ૨૬મી ગાથામાં આવે છે કે, સમ્યગ્દૃષ્ટિ શ્રાવક જ્યાં ભગવાનના દર્શન ન મળે, સતનું શ્રવણ ન મળે એવા દેશને છોડી દે છે. જે વસ્તુસ્વરૂપથી ઊંધી પ્રરૂપણા કર્યા કરતો હોય એવા પુરુષનો સંગ છોડી દે છે.

જેમ પોતાના દેશમાં ધંધો ચાલતો ન હોય તો લોકો ધન કમાવા બીજા દેશમાં જાય છે ને! તેમ શ્રાવકને જો પોતાના શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ જળવાતા ન હોય એવા પ્રતિકૂળ સંયોગો હોય તો તે સંયોગ અને દેશ છોડીને સત્સંગમાં આવી જવું જોઈએ.

મારો પરમાર્થધર્મ તો રાગરહિત જેટલી દશા છે એ જ નિશ્ચયધર્મ છે એમ શ્રાવક જાણે છે છતાં જિનેન્દ્ર ભગવાનના દર્શન, નિર્ગ્રંથ ગુરુઓની સેવા આદિનો ભાવ આવે છે તેને વ્યવહારધર્મ જાણે છે. વ્યવહારે વ્યવહારની મર્યાદા અનુસાર વ્યવહાર-ભાવ આવ્યા વગર રહે જ નહિ તેને વ્યવહારે કર્તવ્ય જ કહેવાય છે. જેને નિર્ગ્રંથદૃષ્ટિ અને નિર્ગ્રંથ સ્થિરતા પ્રગટી છે એવા ગુરુની સેવાનો ભાવ શ્રાવકને દિન-દિન પ્રત્યે આવે છે તેને વ્યવહારે કરવાલાયક પણ કહેવાય.

ત્રીજું આવશ્યક છે 'સ્વાધ્યાય'. શાંતિપૂર્વક સ્થિરતાથી બેસીને શ્રાવક હંમેશા ઘડી-બે ઘડી શાસ્ત્રનો સ્વાધ્યાય કરે જ છે. જેને ભગવાનનો પ્રેમ છે તેને ભગવાનની વાણીનો સ્વાધ્યાય કેમ ન હોય? ધંધાના ચોપડા રોજ જુઓ છો કે નહિ! તેમ, જેમાં શબ્દે-શબ્દે, ન્યાયે-ન્યાયે વીતરાગતાનો બોધ ભરેલો છે એવા શાસ્ત્રોનો સ્વાધ્યાય તો હરહંમેશ હોવો જ જોઈએ. દિને-દિને સ્વાધ્યાય કરે તો જ તેનું શ્રાવકપણું યથાર્થ જળવાય. સ્વાધ્યાયનો વ્યવહાર નથી તેને તો વસ્તુની દૃષ્ટિ જ ખોટી છે, તેને વસ્તુના સ્વરૂપની ખબર નથી.

[ ક્રમશઃ ]

[ સર્વજ્ઞની દિવ્યધ્વનિનું રહસ્ય...ટાઈટલ ૨ થી ચાલુ ]

भक्त्या पूज्यमानः व्यन्तरदेवः अपि ददाति यदि लक्ष्मीम् ।
तत् किं धर्मः क्रियते एवं चिन्तयति सद्‌दृष्टिः ॥ ३२० ॥

અર્થ:—વ્યંતરદેવને જ ભક્તિપૂર્વક પૂજતાં જો તે લક્ષ્મી આપે છે તો ધર્મ કરવાનું પ્રયોજન શું? એમ સમ્યગ્દષ્ટિ વિચારે છે.

सिद्धि रिद्धि वृद्धि दीसै घटमें प्रगट सदा,
अन्तरकी लच्छीसौं अजांची लच्छपती हैं ।
दास भगवन्तके उदास रहे जगतसौं,
सुखिया सदैव एसे जीव समकिती हैं ॥ —નાટકસમયસાર

જુઓ, અંતરની લક્ષ્મી! અહો! જ્ઞાનાનંદસ્વરૂપ મારી લક્ષ્મી છે, વિષયોમાં જડમાં મારું સુખ નથી—એમ સ્વરૂપલક્ષ્મીને પામેલો સમ્યગ્દષ્ટિ જડ લક્ષ્મીને પોતાની ગણતો નથી ને તેની ભાવના કરતો નથી. અહો! જડલક્ષ્મી સાથે મારે સંબંધ નથી. મારી અરાગી ચૈતન્યદશા સાથે મારો સંબંધ છે, મારી ચૈતન્યલક્ષ્મી જ મારી છે, એ સિવાય જડલક્ષ્મી આવો કે જાઓ, તે મારી ચીજ નથી. સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ હોય તો પણ તેને લક્ષ્મી વગેરેની દીનતા થતી નથી. સમ્યગ્દષ્ટિ પ્રભુ છે, પર્યાયમાં પામરતા છે પણ સ્વભાવની પ્રભુતાનું ભાન છે, ઇન્દ્ર આવે તોય તેની પાસે માગણી ન કરે. અરે! હું તો ચૈતન્યલક્ષ્મીનો ધણી! મારે જડલક્ષ્મી સાથે સંબંધ નથી. આવું ભાન હોવાથી ધર્મીજીવ કદી દીનતા કરતો નથી. અહો! મારી પરિપૂર્ણ રિદ્ધિ-સમૃદ્ધિ મારી પાસે છે, રાગ પણ મારી લક્ષ્મી નથી તો જડલક્ષ્મી તો ક્યાંય દૂર રહી! માટે ધર્મીજીવ લક્ષ્મી વગેરેના અર્થે પણ કુદેવાદિનું સેવન કદી કરતો નથી.

હવે સમ્યગ્દષ્ટિ જીવ કેવું વસ્તુસ્વરૂપ વિચારે છે તે કહે છે.

यत् यस्य यस्मिन् देशे येन विधानेन यस्मिन काले ।
ज्ञातं जिनेन नियतं जन्म वा अथवा मरणं वा ॥ ३२१ ॥
तत् तस्य तस्मिन् देशे तेन विधानेन तस्मिन काले ।
कः शक्नोति चालायितुं इन्द्रः वा तथा जिनेन्द्रः वा ॥ ३२२ ॥

જુઓ, આજે દિવ્યધ્વનિનો દિવસ છે ને આ ગાથામાં દિવ્યધ્વનિનો નિચોડ મૂકી દીધો છે.

અર્થ:—જે જીવને જે દેશમાં, જે કાળમાં, જે વિધાનથી, જે જન્મ-મરણ ઉપલક્ષણથી દુઃખ-સુખ-રોગ-દરિદ્રતા આદિ થવું સર્વજ્ઞદેવે જાણ્યું છે તે એ જ પ્રમાણે નિયમથી થવાનું

છે અને તે જ પ્રમાણે થવા યોગ્ય છે તે પ્રાણીને તે જ દેશમાં, તે જ કાળમાં, તે જ વિધાનથી નિયમથી થાય છે, તેને ઇન્દ્ર કે જિનેન્દ્ર-તીર્થંકરદેવ કોઈ પણ અટકાવી શકતા નથી.

વસ્તુસ્વરૂપનો આવો નિશ્ચય સમ્યગ્દૃષ્ટિને જ હોય છે, મિથ્યાદૃષ્ટિને આવો નિર્ણય યથાર્થ હોતો નથી. જે ક્ષણે જે મા-બાપથી જે પુત્ર થવાનો તે જ ક્ષણે તે મા-બાપથી જ તે પુત્ર થશે, તેમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. કોઈ કહે કે પુત્ર થવાનો હતો પણ નિમિત્ત ન મળ્યું માટે પુત્ર ન થયો, એ વાત જૂઠી છે. સમ્યગ્દૃષ્ટિ જીવને નિશ્ચય છે કે જે કાળે જે જીવનો જ્યાં જે માતા-પિતાથી જન્મ થવાનો તે જ કાળે તે જીવનો ત્યાં તે જ માતા-પિતાથી જન્મ થશે. તે જ પ્રમાણે જે કાળે જે સંયોગે જેનું મરણ થવાનું તે જ કાળે તે સંયોગથી તેનું મરણ થશે. તેમાં દવા વગેરેથી ફેરફાર કરવા કોઈ સમર્થ નથી અને તેમાં ફેરફાર કરવાનું સમ્યગ્દૃષ્ટિ માનતો નથી. જુઓ આ સમ્યગ્દૃષ્ટિની પ્રતીતિ ! આ કાંઈ આપદા વખતે સમાધાન કરવા માટેનું ચિંતન નથી. પણ યથાર્થ વસ્તુસ્વરૂપનું ચિંતવન છે. જે ક્ષણે જન્મ કે મરણ થવાનું તે જ ક્ષણમાં એક સમય પણ આઘું કે પાછું થવાનું નથી. જે જીવ આવું નથી માનતો ને ફેરફાર કરવાનું માને છે તે જીવ આગમનો વિરોધી પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ છે.

ધર્મીને દવા વગેરેનો વિકલ્પ આવે પણ તેને પર્યાય ફેરવવાની બુદ્ધિ નથી. મારું સ્વરૂપ જ્ઞાતાદૃષ્ટા છે, એક પર્યાયમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. બહારમાં જે કાળે જે જીવને જેવો સુખ કે દુઃખનો સંયોગ આવવાનો તે આવવાનો. તેને ફેરવવા ઇન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર કોઈ પણ સમર્થ નથી. આવી સમ્યગ્દૃષ્ટિની દૃઢ પ્રતીતિ છે. જેને આવો નિર્ણય નથી તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. પથ્ય આહાર કરું ને ધ્યાન રાખું તો શરીરમાં રોગ ન આવે ને ધ્યાન ન રાખ્યું માટે રોગ આવ્યો. એવી માન્યતા અજ્ઞાની છે જે ક્ષણે શરીરમાં રોગ થવાનો તે થવાનો જ તેમાં કોઈ ફેરફાર કરી શકે નહીં. ધર્મીજીવ તો તેનો જ્ઞાતા રહે છે. પોતાની પર્યાયનો પણ જ્ઞાતા ને પરની પર્યાયનો પણ જ્ઞાતા. ક્યાંય ફેરફાર કરવાની બુદ્ધિ ન રહી.

જુઓ ! આ કોની વાણીમાં આવ્યું ? ભગવાન મહાવીર પરમાત્માની વાણીમાં આવી વાત આવી છે. અત્યારે મહાવિદેહમાં સીમંધરપરમાત્મા બિરાજે છે. ત્યાં તેમના દિવ્યધ્વનિમાં પણ આવું વસ્તુસ્વરૂપ તેઓ કહી રહ્યા છે, ને ગણધરો તેને ઝીલી રહ્યા છે.

જે સમયે રોગ-નિરોગ, દરિદ્ર કે ધન આવવાનું હશે તે ક્ષણે તેમજ થવાનું. સર્વજ્ઞદેવના જ્ઞાનમાં ત્રણ કાળની પર્યાયો જેમ પ્રતિભાસી છે તે જ પ્રમાણે થવાની તેમાં

ફેરફાર કરવા ઇન્દ્ર કે નરેન્દ્ર કે જિનેન્દ્ર કોઈ સમર્થ નથી. ધર્મીજીવ જાણે છે કે નિર્ધનતા મારામાં નથી, હું તો ચૈતન્ય લક્ષ્મીનો સ્વામી છું અને ધન આવવાનું હશે તો તેના કારણે આવશે, મારા પ્રયત્નના કારણે નહીં આવે, હું તો તેનો જાણનાર છું. સર્વજ્ઞદેવે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણ્યા છે. ને મારો તેવો જાણવાનો સ્વભાવ છે. જે બનવાનું તે ફરવાનું નથી, ને જે નહીં બનવાનું તે કદી થવાનું નથી. હું ક્યાંય ફેરફાર કરનારો નથી. પણ જેમ થાય તેમ તેનો જાણનાર જ છું. પરની પર્યાયને તો ફેરવનાર નથી. પણ મારી પર્યાયને પણ ફેરવનાર નથી. આમ પોતાના સ્વભાવ સન્મુખ રહીને ધર્મીનો નિશ્ચય છે.

સમ્યગ્દર્શન પર્યાય કે સમ્યક્ચારિત્ર પર્યાય જે સમયે થવાની તે જ સમયે થવાની, આવો નિર્ણય દ્રવ્યની સન્મુખ રહીને કરે છે એટલે દ્રવ્યસ્વભાવની સન્મુખ રહીને જાણનાર રહ્યો ને રાગ-દ્વેષનો ખદબદાટ ઊડી ગયો, દ્રવ્યદૃષ્ટિથી એકલો વીતરાગભાવ રહ્યો, તેને ક્ષણે ક્ષણે જ્ઞાતાદૃષ્ટા સ્વભાવની સન્મુખતાથી જ વધે છે, જેને જે સમયે જે નિમિત્તના સંયોગમાં સમ્યગ્દર્શન વગેરે પર્યાય થવાની હશે તે થશે—આમ ધર્મી જાણે છે એટલે હું કોઈને ધર્મ પમાડી દઉં એવી મિથ્યા બુદ્ધિ તેને થતી નથી, તે જ્ઞાતા જ છે. જુઓ ! આ સર્વજ્ઞ દેવના દિવ્યધ્વનિમાં આવેલ સ્વતંત્રતાનો ઢંઢેરો !

બધુંય વ્યવસ્થિત છે, જેમ સર્વજ્ઞે જોયું તે જ પ્રમાણે નિયમથી થવાનું છે.

जो जो देख्यो वीतरागने सो सो होसीं वीरा रे ।
वीन देख्यो होसी नहि काही, काहे होत अधीरा रे ।।
समयो एक बडे नहि घटसी जो सुख दुःखकी पीरा रे ।
तूं क्यों सोच करैं मन कुडो होय वज्र ज्यों हीरा रे ।। (ब्रह्मविलास)

ભગવાન સર્વજ્ઞદેવે જે જે દેખ્યું છે તે તે થાય છે, નહિ થવા યોગ્ય કાંઈ થતું નથી. માટે ફેરફારની બુદ્ધિ છોડીને તારા સ્વભાવની સન્મુખ થઈને તેના જ્ઞાતા રહેવું તેનું નામ સાચી ધીરજ છે. જેને આવો નિર્ણય છે તે ધર્મીને જ્ઞાયક-સ્વભાવની દૃષ્ટિ છે, ને રાગની નિમિત્તની કે પર્યાયની બુદ્ધિ છૂટી જાય છે એટલે સ્વભાવદૃષ્ટિથી જાણનાર જ રહે છે, બસ આ જ મોક્ષનો પુરુષાર્થ છે.

ભગવાન સ્વામીકાર્તિકેય મુનિ સંત હતા. છઠ્ઠા સાતમા ગુણસ્થાને ઝૂલતાં હતા, આનંદસાગરમાં મસ્ત હતા. નગ્ન દિગંબર અડોલ વૃત્તિના ધારક હતા. તેમને વિકલ્પ ઊઠતાં આ શાસ્ત્ર રચાઈ ગયું છે. તેમાં કહે છે કે અહો ! સર્વજ્ઞદેવે જેવું દેખ્યું તેવું જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં થાય છે. આવી સર્વજ્ઞતાની ને વસ્તુસ્વરૂપની પ્રતીત અજ્ઞાનીને આવતી નથી. અહો ! ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં તો સ્વભાવસન્મુખ થઈને

જ્ઞાતા રહી જાય છે. અહો! અનંતા સિદ્ધો અને સર્વે કેવળી ભગવંતોના જ્ઞાનમાં જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જે પ્રમાણે જણાયા છે; તે જ પ્રમાણે નિયમથી થાય છે. આવો સમ્યગ્દૃષ્ટિનો નિશ્ચય છે. આવો નિશ્ચય કરતાં તો જ્ઞાનસ્વભાવનું માહાત્મ્ય આવી ગયું કે અહો હું! તો જ્ઞાન છું, હું 'જ્ઞ' સ્વભાવી છું, મારા જ્ઞાનસ્વભાવમાંથી તો જ્ઞાન ને આનંદ જ નીકળે છે. આમ સ્વભાવસન્મુખ બુદ્ધિ થઈ જાય છે. જે જીવ આવો વસ્તુ-સ્વરૂપનો નિર્ણય કરે છે તે સમ્યગ્દૃષ્ટિ છે ને જે જીવ સંદેહ કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે, તેને સર્વજ્ઞની પ્રતીત નથી, જ્ઞાનસ્વભાવની પ્રતીત નથી, આગમની પણ પ્રતીત નથી.

જુઓ, જ્ઞાતાદૃષ્ટા સ્વભાવની અદ્‌ભુતતા! જુઓ, આ ધર્મીની જ્ઞાનસ્વભાવની ભાવનાની અચિંત્યતા!!

ભાવાર્થ:—સર્વજ્ઞદેવ, સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અવસ્થાને જાણે છે અને સર્વજ્ઞના જ્ઞાનમાં જે પ્રતિભાસ્યું છે તે જ નિયમથી થાય છે પણ તેમાં અધિક-હીન કાંઈ થતું નથી એમ સમ્યગ્દૃષ્ટિ વિચારે છે.

જે સમયે અગિયારમું ગુણસ્થાન આવવાનું તે સમયે તે જ અવસ્થા થશે. જે સમયે પડવાનો તે સમયે પડવાનો—તેમાં ફેરફાર થાય નહિ. પણ જે આવો નિર્ણય કરે તેને પોતાને પડવાની શંકા રહેતી નથી, તેને તો સ્વભાવ ઉપર અપ્રતિહત ભાવ રહે છે તેને પોતાને તો સ્વભાવદૃષ્ટિ થઈ છે એટલે તે સાધક છે. સાધક છે તે તો વીતરાગ ભાવને વધારે છે ને બાધકભાવનો નાશ કરતો જાય છે જે થવાનું છે તે જ થશે—આવો નિર્ણય તો પોતાના જ્ઞાનમાં કર્યો છે અને તે જ્ઞાનનું વલણ તો સ્વભાવની રુચિ તરફ છે. એટલે હું પરને કરું કે પર મારું કરે એવી બુદ્ધિ ન રહે એટલે પર તરફ વલણ જ ન રહ્યું પણ જ્ઞાનસ્વભાવની સન્મુખ વલણ થઈ ગયું એટલે પરનો જાણનાર રહ્યો. આમાં વીતરાગ ભાવ આવે છે. બધા દ્રવ્યોમાં ક્રમબદ્ધ પર્યાય થાય છે એટલે ક્યાંય કોઈમાં ફેરફાર કરવાની બુદ્ધિ ન રહી. એટલે જ્ઞાતા જ રહ્યો, તે જ મોક્ષમાર્ગ છે.

જુઓ, ગૌતમ આવ્યા માટે ભગવાનની વાણી છૂટી એમ નથી. સર્વજ્ઞદેવે તે જ સમયે વાણી નીકળવાનું પહેલેથી જાણ્યું હતું તે વાણી તેના પરમાણુના કાળે છૂટી છે ભગવાનને કારણે કે ગૌતમને કારણે વાણી નીકળી નથી. નિમિત્તને લીધે પર્યાયમાં ફેરફાર થાય એમ જે માને છે તે જીવ આગમથી વિરુદ્ધ મિથ્યાદૃષ્ટિ છે.

કર્મની અવસ્થામાં પણ સંક્રમણ, અપકર્ષણ વગેરે તેની અવસ્થાના કાળે ક્રમબદ્ધ થાય છે; જીવને લીધે તે પર્યાય થઈ એમ નથી—આમ સમજનારની દૃષ્ટિ પોતાના સ્વભાવ તરફ હોય છે.

ભગવાનની દિવ્યધ્વનિમાં આ વાત આવી હતી કે જે સમયે જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-

ભાવની જે અવસ્થા થવાની તે જ સમયે તે જ પ્રમાણે થવાની—આવું વસ્તુસ્વરૂપ છે તેની જેને પ્રતીત નથી તે જૈન નથી. જૈન તો તેને કહેવાય કે જે જીવ વસ્તુસ્વરૂપ ઓળખીને મિથ્યાત્વ અને રાગ-દ્વેષને જીતે!

સર્વજ્ઞદેવે એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણ્યા છે. ભવિષ્યના અનંતકાળની પર્યાયો પણ અત્યારથી જ્ઞાનમાં જણાઈ ગઈ છે. "ભવિષ્યની પર્યાયો થશે ત્યારે તેને જાણશે" એમ જે માને તેણે સર્વજ્ઞને જાણ્યા નથી. અહો! કોઈ જીવ એકાદ ભવે મોક્ષ જશે, કોઈ અનંતભવ પછી મોક્ષ જશે, તે બધુંય ભગવાન અત્યારથી જાણી રહ્યા છે. ભગવાનના તે જ્ઞાનમાં તેનો ભવ જણાયો નથી ને જેણે એવા ભવરહિત ભગવાનના જ્ઞાનનો નિર્ણય કર્યો તે જીવને પણ ભવની શંકા રહેતી નથી, ને તેને વિશેષ ભવ હોતા નથી.

જુઓ! આ ગાથામાં જ્ઞાનસ્વભાવના નિર્ણય સહિતની વાત છે. ગોમ્મટસારમાં જેને એકાંત નિયતવાદરૂપ ગૃહિત મિથ્યાત્વ કહ્યું છે ત્યાં તો જે જીવ સર્વજ્ઞની પ્રતીત કરતો નથી એવા જીવની વાત છે અને અહીં તો સર્વજ્ઞના ને જ્ઞાનસ્વભાવના નિર્ણય સહિત સમ્યગ્દૃષ્ટિ જીવના ચિંતવનની વાત છે.

અહો! દિગંબર સંતોનો કોઈ પણ ગ્રંથ લ્યો...તે આત્માને ચૈતન્યસ્વભાવમાં થંભાવી દ્યે છે.

સર્વજ્ઞદેવે જે સમયે જે પર્યાય દેખી તે જ સમયે તે જ પર્યાય થાય છે. ત્યાં અજ્ઞાનીને એમ લાગે છે કે પુરુષાર્થ ઊડી જાય છે પણ તે મૂઢ જીવને જ્ઞાનસ્વભાવનો પુરુષાર્થ ભાસતો નથી. અહો! જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને જ્ઞાતાદૃષ્ટા રહ્યો તે જ વીતરાગતા અને કેવળજ્ઞાનનો પંથ છે, તે જ પુરુષાર્થ છે. જેણે આવો નિર્ણય કર્યો તેને સમ્યગ્દર્શન થયા વિના રહે નહીં.

સર્વજ્ઞનો જ્ઞાનસ્વભાવ શક્તિએ અને વ્યક્તિએ પૂર્ણ છે. તેમ મારો સ્વભાવ પણ પરિપૂર્ણ છે. એમ સ્વભાવની પ્રતીત કરીને તેની સન્મુખ દૃષ્ટિ કરી તે સમ્યગ્દૃષ્ટિ જીવ 'अचिरं' એટલે કે અલ્પકાળમાં જરૂર મુક્તિ પામે છે. ત્રિલોકનાથનો જે દિવ્યધ્વનિ છૂટયો ગણધરદેવે ઝીલીને શાસ્ત્રો રચ્યા ને સંતોની પરંપરાથી જે વાણી ચાલી આવી છે તેમાં આ રહસ્ય રહેલું છે.

વાણીના કાળે વાણી નીકળે છે ને વિકલ્પના કાળે વિકલ્પ આવે છે, પણ ધર્મીજીવને સ્વભાવની દૃષ્ટિ છે, તે તેનો જ્ઞાતા છે. પર્યાયને ફેરવવી નથી, વાણીને ફેરવવી નથી, અંતરના જ્ઞાનસ્વભાવનો જેણે નિર્ણય કર્યો તે જીવ નિયમથી મોક્ષગામી છે ને જેને આવી પ્રતીત નથી તે જીવ પ્રગટ મિથ્યાદૃષ્ટિ છે. માટે વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને જ્ઞાનસ્વભાવની સન્મુખ દૃષ્ટિથી વીતરાગભાવે જ્ઞાતાદૃષ્ટા રહેવું તે જ મોક્ષનું કારણ છે. [ક્રમશઃ]

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સત્-પ્રભાવના-ઉદયથી બહેનશ્રી ચંપાબહેનની જન્મનગરી વર્ધમાનપુરી (વઢવાણ)માં સુસમ્પન્ન

# પંચકલ્યાણકપૂર્વક શ્રી જિનબિંબ-પ્રતિષ્ઠા-મહોત્સવ

પશ્ચિમ ભારતના સૌરાષ્ટ્રપ્રદેશની પ્રાચીન નગરી વર્ધમાનપુરી (–વઢવાણ)માં, ત્યાંના શ્રી મહાવીર–કુંદકુંદહાન–અધ્યાત્મ-શુદ્ધામ્નાયાનુયાયી વઢવાણ દિગંબર જૈન મુમુક્ષુમંડળ દ્વારા, નવનિર્મિત શ્રી સીમંધરસ્વામી સમવસરણ મંદિરની પ્રતિષ્ઠાના નિમિત્તે આયોજિત —સં. ૨૦૪૮, માઘ વદી ૧૩, સોમવાર થી ફાગણ સુદ ૫, સોમવાર— આઠ દિવસનો શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક-પ્રતિષ્ઠા-મહોત્સવ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ તેમના પરમ ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન પ્રતિ શ્રદ્ધાભક્તિવંત હજારો મુમુક્ષુઓના ભક્તિ ઉલ્લાસમય વાતાવરણમાં આનંદથી ઉજવાયો હતો. દેશભરમાંથી અનેક ગામેથી લગભગ બે હજારથી અધિક મુમુક્ષુઓ આ મંગલ મહોત્સવનો લાભ લેવા આવ્યા હતા.

પ્રતિષ્ઠા-મહોત્સવની પવિત્ર વિધિના ક્રમ–અનુસાર તા. ૨–૩–૯૨ના રોજ ક્રમશ: શાંતિજાપ–પ્રારંભ, પ્રતિષ્ઠામંડપ શુદ્ધિ, વિધિનાયક પરમ પૂજ્ય કુમારબ્રહ્મચારી શ્રી નેમિનાથના પ્રતિષ્ઠિત જિનબિંબને શોભાયાત્રાપૂર્વક વિધિમંડપમાં બિરાજમાન કરવાની મંગલવિધિ, નાંદીવિધાન, અખંડદીપપ્રદીપન, ધર્મધ્વજારોહણ, શ્રી પંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજા, જિનેન્દ્ર–અભિષેક; તા. ૩–૩–૯૨ના રોજ આચાર્ય–અનુજ્ઞા, ઇન્દ્રપ્રતિષ્ઠા, ઇન્દ્રશોભાયાત્રા; તા. ૪–૩–૯૨ના રોજ શ્રી યાગમંડળપૂજા, જલયાત્રા, વેદી–મંદિર–કલશ–ધ્વજશુદ્ધિ, ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયા; તા. ૫–૩–૯૨ના રોજ ગર્ભકલ્યાણક, સ્વપ્ન–ફલ–દર્શન, ગર્ભકલ્યાણકની શેષ ક્રિયા; તા. ૬–૩–૯૨ના રોજ જન્મકલ્યાણક, જન્માભિષેક-ભવ્ય-શોભાયાત્રા, પાંડુકશિલા પર જન્માભિષેક, સિદ્ધાર્થ મહારાજાના મહેલમાં ઇન્દ્રો દ્વારા તાંડવ-નૃત્ય, જન્મકલ્યાણકપૂજા, પારણા ઝૂલન, વર્ધમાનકુમારને સમાગત રાજાઓ દ્વારા અભિવાદન; તા. ૭–૩–૯૨ના રોજ વર્ધમાનકુમારને વૈરાગ્ય, ભગવતી જિનદીક્ષા માટે વનપ્રયાણ (દીક્ષા શોભાયાત્રા), દીક્ષા-ગ્રહણ-વિધિ, દીક્ષાવનમાં વૈરાગ્યપ્રવચન તથા વૈરાગ્યભક્તિ, ઇન્દ્રો દ્વારા ક્ષીરસમુદ્રમાં તીર્થંકર–કેશક્ષેપણવિધિ, તપકલ્યાણકપૂજા, અંકન્યાસવિધિ, તીર્થંકર મુનિરાજ શ્રી વર્ધમાનસ્વામીની ભક્તિ, વર્ધમાન–પૂર્વભવદર્શન; તા. ૮–૩–૯૨ના રોજ વર્ધમાન મુનિવરને આહારદાન (જેનો લાભ શ્રી રળીયાતબેન રાયચંદભાઇ શાહ નાઇરોબીને મળ્યો હતો), ક્ષપકશ્રેણી–આરોહણ, કેવળજ્ઞાન–કલ્યાણક, સમવસરણ-રચના, કેવળજ્ઞાનકલ્યાણકપૂજા

તથા ભક્તિ, જિનવર-વિહાર તેમજ વિભિન્ન નગરોમાં દેશના; તા. ૯-૩-૯૨ના રોજ નિર્વાણકલ્યાણક-સમારોપણના નિમિત્તે નિર્વાણભક્તિ, નિર્વાણપૂજા, જિનબિંબને શોભાયાત્રાપૂર્વક સમવસરણ મંદિરમાં લાવવાની મંગલવિધિ, પ્રતિષ્ઠા માટે સમવસરણમાં ભક્તિપાઠ; સમવસરણ-ગંધકૂટી ઉપર શ્રી સીમંધરસ્વામી-જિનબિંબપ્રતિષ્ઠા, મુનિરાજની સભામાં શ્રી કુંદકુંદાચાર્યદેવની વંદનમુદ્રાયુક્ત ખડ્ગાસન નિર્ગ્રંથબિંબની પ્રતિષ્ઠા, કલશ-ધ્વજ-આરોહણ, સ્વાધ્યાયકક્ષમાં પૂજ્ય ગુરુદેવશ્રીની મનોહર પ્રતિકૃતિ ( સ્ટેચ્યૂ )ની તથા પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના વિશાળ ભવ્ય ચિત્રપટની અનાવરણ-વિધિ, શાંતિયજ્ઞ અને પ્રતિષ્ઠા-મહોત્સવ-સમાપન-રથયાત્રા.

પ્રતિષ્ઠાના વિધિવિધાન ઉપરાંત સમાગત દર્શકોને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મ-મર્મસભર ઓડિયો ટેપ-પ્રવચનોનો, પૂજ્ય બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચાનો તથા વિભિન્ન વિદ્વાનો સર્વશ્રી ડૉ. પ્રવિણભાઈ દોશી ( રાજકોટ ), હિંમતભાઈ ડગલી, ચીમનભાઈ મોદી, દેવજીભાઈ પટેલ, પ્રાણભાઈ કામદાર, દિલીપભાઈ ડગલી, કાનજીભાઈ ( વઢવાણ ), છબીલભાઈ ( સુરેન્દ્રનગર ), રાજુભાઈ કામદાર ( રાજકોટ ) તથા સુરેશભાઈ સંઘવીના શાસ્ત્ર-પ્રવચનોનો પણ લાભ મળ્યો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળકો દ્વારા 'ચેલના રાણી' તથા પરમ પૂજ્ય ગુરુદેવ તેમજ પૂજ્ય બહેનશ્રીના 'ઉપકાર-દર્શન' નાટક પ્રસ્તુત કરવામાં આવ્યાં હતાં. દરેક કાર્યક્રમો પ્રાયઃ નિશ્ચિત્ સમય પર સમ્પન્ન થતા હતા.

ભગવાન શ્રી વર્ધમાનસ્વામીના પૂર્વભવ-અચ્યુતેન્દ્રની સભા, ઇન્દ્રસભા તેમજ શ્રી સિદ્ધાર્થ રાજેન્દ્રની રાજસભાના મનોજ્ઞ દૃશ્યો; અચ્યુતસ્વર્ગના પુષ્પક-વિમાનવાસી અચ્યુતેન્દ્ર આદિનું શીઘ્ર નરપર્યાય પામીને ઉગ્ર સંયમસાધના માટે તડપવું; ઇન્દ્રસભા, સ્વાનુભૂતિ-પ્રધાન અધ્યાત્મતત્ત્વજ્ઞાન તેમજ તીર્થંકર-મહિમાના મધુર વાર્તાલાપ આદિ પ્રેક્ષકોના મન હરી લેતા હતા. સિદ્ધાર્થ-રાજદરબારના સભાસદ વિભિન્ન દેશોના નરેશોની જિનેન્દ્ર-મહિમાભીની અધ્યાત્મતત્ત્વગોષ્ઠિ, મહારાણી ત્રિશલાદેવીની શ્રી હ્રીં ધૃતિ આદિ દેવી-સખીયોની સાથે અનુભવરસપ્રધાન પ્રશ્નોત્તરમયથી અધ્યાત્મવાર્તા અને તેમના દ્વારા જિનેન્દ્ર-ભક્તિ અને પંચકલ્યાણકના તેમજ વિધિવિધાનના ભક્તિભાવભીના આશ્ચર્યકારી અનુપમ દૃશ્યો જોઈને મુમુક્ષુ સમુદાય અત્યંત પ્રસન્નતા અનુભવતો હતો.

સિદ્ધાર્થ-રાજદરબારમાં ત્રિશલામાતા દ્વારા વર્ધમાનકુમારને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરાવવા માટે માતૃસહજ મમતાથી કહેવામાં આવેલ અનુરોધરૂપ પ્રસ્તાવનો વર્ધમાનકુમારે અંતરની ઊંડી વિરક્તિપૂર્વક જે નકાર કર્યો તે સમયના વૈરાગ્યપ્રેરક વાર્તાલાપથી અનેક મુમુક્ષુઓ પ્રભાવિત થયા હતા.

જિનવર વિહારના સમયે વિભિન્ન નગરોમાં ભગવાન દ્વારા "મૈં હી પરમાત્મા હૂં— ઐસા અનુભવ કર"—એવી, આત્માના પરમાત્મપણાની ઘોષણારૂપ દિવ્યદેશનાનું આયોજન પણ મુમુક્ષુઓને રુચિકર લાગ્યું હતું.

આ મંગલ પ્રતિષ્ઠાની વિભિન્ન શોભાયાત્રા પણ વિશેષ મનોહ્‌લાદક હતી. ઐરાવત ગજેન્દ્રની સવારીયુક્ત જન્મકલ્યાણકની મનમોહિની ભવ્ય શોભાયાત્રા અને પાંડુકશિલા પર જન્માભિષેકના પ્રસંગે મુમુક્ષુઓને અત્યંત ઉલ્લસિત કરી દીધા હતા. પૂજ્ય બહેનશ્રીની જન્મનગરી જાણે કે ખરેખર વૈશાલી-કુંડલપુરી બની ગઈ હતી! અનંતઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય બહેનશ્રી જાણે કે સાક્ષાત્ બિરાજી રહ્યાં હોય એમ જયજયકારનો ગુંજારવ ચિરકાળ પર્યંત મુમુક્ષુઓના હૃદયમાં ગૂંજતો રહેશે.

પંચકલ્યાણક-પ્રતિષ્ઠાના વિધિવિધાન દિગંબર જૈન આચાર્યશ્રી જયસેનાચાર્ય પ્રણીત 'પ્રતિષ્ઠાપાઠ', બ્ર. શ્રી સીતલપ્રસાદજી દ્વારા સંકલિત 'પ્રતિષ્ઠાસાર-સંગ્રહ' અને પ્રતિષ્ઠાચાર્ય પં. શ્રી નાથૂલાલજી (ઈન્દોર) દ્વારા સંકલિત 'પ્રતિષ્ઠાપ્રદીપ'ના આધારે શુદ્ધામ્નાયાનુસાર, આત્માર્થી વિદ્વાન બ્ર. શ્રી ચંદુભાઈ ઝોબાલિયા (સોનગઢ) તથા આત્માર્થી વિદ્વાન બ્ર. શ્રી વ્રજલાલભાઈ શાહ (વઢવાણ) દ્વારા સમ્પન્ન થઈ હતી. પ્રતિષ્ઠાવિધિમાં મહત્ત્વપૂર્ણ 'શ્રી યાગમંડળ' સંસ્કૃત-પદ્યમય મહાવિધાન આપણા મુમુક્ષુસમાજના આદરણીય અધ્યાત્મ-રસિક પંડિત શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહે પોતાના વૈરાગ્યભીના મધુર કંઠે કરાવેલ જે સાંભળીને અનેક મહાનુભાવ પ્રસન્ન થતા હતા. બધા વિધિવિધાન બહુ ઉતાવળથી પણ નહિ ને બહુ નિરાંતે પણ નહિ એવી રીતે નિશ્ચિત સમય-અવધિમાં, સરળ, સુગમ ને રોચક શૈલી દ્વારા, સ્પષ્ટ પાઠોચ્ચારની સાથે સાથે અધ્યાત્મપ્રમુખ તત્ત્વજ્ઞાન અને હાર્દિક ભક્તિના સુભગ સંગમ સહિત સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિપૂર્વક પંચકલ્યાણક-પ્રતિષ્ઠા કરાવનાર બન્ને બ્રહ્મચારી ભાઈઓની જેટલી પ્રશંસા કરીયે તેટલી ઓછી છે. વાંકાનેરનિવાસી શ્રી સુભાષભાઈ શેઠે પણ સહયોગ આપ્યો હતો.

તા. ૫-૩-૯૨ના રોજ સવારે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચન બાદ પ્રશમ-મૂર્તિ પૂજ્ય બહેનશ્રીના જન્મધામ અને લઘુવયના સાધનાધામની સહજરૂપે બની ગયેલી મંગલયાત્રામાં જોડાયેલા મુમુક્ષુઓને ગાતાં ગાતાં જતાં જોઈ ને સ્થાનિક નગરજનો આશ્ચર્ય અનુભવતાં હતા; આ મંગલ યાત્રામાં જોડાયેલાં ભક્તો, આદરણીય પંડિતજી શ્રી હિંમતભાઈના સ્વમુખેથી પૂજ્ય બહેનશ્રીની લઘુવયના અનેક પ્રસંગો સાંભળીને પ્રસન્નતા અનુભવતાં હતા. આદરણીય પંડિતજીએ વૈરાગ્ય-દર્દસભર શબ્દોમાં કહ્યું કે : આ એક એવું પવિત્ર સ્થાન છે કે જ્યાં જન્મ લઈ ને, આ મનુષ્યપર્યાયમાં આત્મોન્નતિનો પરમ પુરુષાર્થ કરીને, એક પરમ પવિત્ર આત્માએ—બહેનશ્રીના આત્માએ અનંત ભવપરિભ્રમણનો અંત કરી લીધો. એકાંત દુઃખપ્રચુર ચતુર્ગતિમય ભ્રમણનો અંત લાવવો તે જ આ મનુષ્યભવમાં આત્માનું મુખ્યત્વ કર્તવ્ય છે. એવા પવિત્ર આત્માને જન્મ આપીને ખરેખર આ ભૂમિ ધન્ય બની ગઈ છે—તીર્થ બની ગઈ છે.—ઇત્યાદિ વૈરાગ્ય તેમ જ ભક્તિના વેદનભીના ભાવથી ઓતપ્રોત થઈ ને પંડિતજીએ પૂજ્ય ભગવતીમાતાજીના વિષયમાં અનેક વાતો કહી. અંતમાં 'જન્મધામના રે કે...' ભક્તિ કરાવી. તે જ દિવસે બપોરે સાધના-

ધામમાં પણ બહેનશ્રીની લઘુવયની સાધનાની અનેક રોચક તેમ જ આહ્લાદકારી વાતો કહી હતી; જે સાંભળીને ભક્તસમૂહ ભક્તિભાવથી ગદ્‌ગદ્ થઈને, બહેનશ્રીએ આટલી લઘુવયમાં કરેલાં પુરુષાર્થથી આશ્ચર્યમગ્ન થતો હતો. પૂજ્ય બહેનશ્રીની સાધનાનો પરિચય દેવા બદલ પંડિતજી પ્રત્યે બધા અહોભાવપૂર્ણ આદર તેમ જ આભાર વ્યક્ત કરતા હતા.

આ શુભ-અવસર નિમિત્તે ધાર્મિક સાહિત્યના વેચાણનું આયોજન શ્રી ઘાટકોપર કુંદકુંદકહાન પરિવાર યુવક મંડળે કર્યું હતું અને તેમના તરફથી સાહિત્ય-મૂલ્યમાં ૫૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું હતું.

આ માંગલિક પ્રસંગે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ફોટાવાળી બોલપેન અને કીચેઇન તેમ જ પૂજ્ય બહેનશ્રીના ફોટાવાળી બોલપેનનું વેચાણ રાખવામાં આવ્યું હતું. મલાડ-નિવાસી જ્યોતીન્દ્રભાઈ છોટાલાલ રાયચંદ ખંધાર તથા ગિરિશભાઈ એસ. મહેતા તરફથી રૂા. ૨૮ની બોલપેનમાં રૂા. ૮/=નું ડિસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું હતું.

## * પ્રતિષ્ઠાવિધાનમાં ધનવ્યયનું સૌભાગ્ય *

શ્રી પંચકલ્યાણક-પ્રતિષ્ઠા મહોત્સવના વિધિવિધાનમાં લાભ લેવાનું સૌભાગ્ય મુખ્યતઃ નીચે જણાવેલ મહાનુભાવોને સંપ્રાપ્ત થયું હતું.

શ્રી ચંદુલાલ જગજીવનદાસ પારેખ તેમજ તેમના ધર્મપત્ની શ્રીમતી કાંતાબેન (ભગવાનના પિતા–માતા); સૌધર્મ–ઇન્દ્ર : શ્રી પરેશકુમાર છબીલદાસ ગાંડાલાલ શાહ; ઈશાન–ઇન્દ્ર : શ્રી પ્રેમચંદભાઈ ઉજમશીભાઈ શાહ; સાનત્કુમાર–ઇન્દ્ર : ઇન્દ્રવદન કેશવલાલ ખીમચંદ જૈન; માહેન્દ્ર–ઇન્દ્ર : શ્રી કેતનભાઈ કાંતિલાલ શેઠ; બ્રહ્મ–ઇન્દ્ર : શ્રી નવનીતલાલ કેશવલાલ શાહ; લાન્તવ–ઇન્દ્ર : શ્રી ચીમનલાલ હેમચંદ વોરા; શુક્ર–ઈન્દ્ર : શ્રી નગીનદાસ છોટાલાલ દોશી; શતાર–ઇન્દ્ર : શ્રી જનકરાય ગુલાબચંદ ટોળિયા; આનત–ઇન્દ્ર : શ્રી દિલીપકુમાર ગિરધરલાલ ઠાકરશી મોદી; પ્રાણત–ઇન્દ્ર : શ્રી વ્રજલાલ હરગોવિંદદાસ; આરણ–ઇન્દ્ર : શ્રી ભોગીલાલ લાલચંદ શેઠ; અચ્યુત–ઇન્દ્ર : શ્રી કાંતિલાલ દીપચંદ પોખરાજ જૈન; સૌધર્મ–પ્રતીન્દ્ર : શ્રી નાગરદાસ સુખલાલ કોઠારી; ઈશાન–પ્રતીન્દ્ર : શ્રી ભરતકુમાર ચંદુલાલ સંઘવી; સાનત્કુમાર–પ્રતીન્દ્ર : શ્રી મુકુંદભાઈ ચુનીલાલ ડાહ્યાભાઈ શાહ; માહેન્દ્ર–પ્રતીન્દ્ર : શ્રી કુમુદચંદ્ર કે. દોશી; કુબેર : શ્રી મુકેશકુમાર મનસુખલાલ છોટાલાલ ઝોબાળિયા. પ્રતિષ્ઠામંડપમાં ધર્મધ્વજારોહણ : શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા. જન્માભિષેક–કળશ : શ્રીમતી રળિયાતબેન રાયચંદ દેવન શાહ નાઇરોબી; શ્રી નંદલાલભાઇ તલકશીભાઈ દોશી; શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા. પારણાઝૂલન : શ્રી હીરાલાલ ભીખાલાલ દહેગામવાળા. સમવસરણમાં ચતુર્મુખ શ્રી સીમંધરસ્વામીની પ્રતિષ્ઠા : શ્રી નંદલાલભાઈ તલકશીભાઈ માણેકચંદ દોશી; શ્રી ચંદુલાલ જગજીવનદાસ પારેખ; શ્રી

મુકુંદરાય ચુનીલાલ ડાહ્યાભાઈ શાહ તેમજ શ્રી છબીલદાસ ગાંડાલાલ શાહ; શ્રી પુરુષોત્તમદાસ ઓધડદાસ કામદાસ–પરિવાર; શ્રી કુંદકુંદાચાર્યદેવની પ્રતિષ્ઠા : શ્રી સુધાબેન દુષ્યંતભાઈ શાહ. વિધિનાયક શ્રી વર્ધમાનસ્વામીની પ્રતિષ્ઠા : શ્રી નંદલાલભાઈ તલકશીભાઈ દોશી. સમવસરણ–મંદિરની ઉપર કલશ-રોહણ : શ્રી હીરાબેન સવાઈલાલ ત્ર્યંબકલાલ શાહ; ધ્વજા-રોહણ : શ્રી ચંપકલાલ વિક્રમચંદ સંઘવી. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્ટેચ્યુ : શ્રી નંદલાલભાઈ તલકશીભાઈ દોશી. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું વિશાળ ચિત્રપટ : શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી–પરિવાર, પૂજ્ય બહેનશ્રીનું ચિત્રપટ : શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી–પરિવાર. જળયાત્રાનો પ્રથમકળશ : શ્રીમતી મંજુલાબેન શિવલાલ ડગલી બોટાદ. પ્રતિષ્ઠા ફંડમાં : શ્રી નાઈરોબી દિગંબર જૈન મુમુક્ષુમંડળ. 'બહેનશ્રી ચંપાબહેન વચનામૃતભવન'માં : શ્રી બાબુલાલ નાનજી શાહ તથા શ્રી હિંમતલાલ છોટાલાલ ઝોબાલિયા ટ્રસ્ટ. જન્મકલ્યાણક અને પ્રતિષ્ઠા દિવસના આખા દિવસનું સ્વામીવાત્સલ્યભોજન : શ્રી નંદલાલભાઈ તલકશીભાઈ દોશી. રથયાત્રામાં : શ્રી ધીરજલાલ નરોત્તમદાસ શાહે ઉલ્લાસભીનો લાભ લીધો. તે સિવાય અનેક મહાનુભાવોને અચ્યુતેન્દ્રસભા, રાજસભા, જલયાત્રા, વિભિન્ન શોભાયાત્રા, પ્રતિષ્ઠાફંડ, સ્વામીવાત્સલ્યભોજનફંડ, બહેનશ્રી ચંપાબેન–વચનામૃતભવન ઇત્યાદિ અનેકવિધ લાભ લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. વિભિન્ન બોલી આદિ દ્વારા શ્રી વઢવાણ દિગંબર જૈન મુમુક્ષુમંડળને લગભગ અઢાર લાખ રૂપિયાની આવક થયેલી ને લગભગ દશ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો.

—*—

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો સાનંદ સમ્પન્ન ૬૦મો સમ્યક્ત્વ-જયંતી-મહોત્સવ

આ યુગમાં સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મતીર્થના પ્રણેતા, આ યુગના સ્વાનુભૂતિના માર્ગ-પ્રકાશક, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના કૃપા-પ્રસાદથી જેમણે ૧૮ વર્ષની નાની ઉંમરમાં અનંત-ભવપરિભ્રમણનો અંત કરી દેનાર સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું અને પોતાના અસાધારણ જાતિસ્મરણજ્ઞાનઋદ્ધિ વડે, ભગવાન શ્રી સીમન્ધરસ્વામીની દિવ્યધ્વનિમાં સાંભળેલી, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની 'ભાવિ-તીર્થંકરદ્રવ્ય'ના રૂપમાં સાતિશય મહિમાની પ્રસિદ્ધિ દ્વારા પોતાના અનંત-ઉપકારી ગુરુ પ્રત્યેની ભક્તિ વ્યક્ત કરનાર પ્રશમ-મૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૬૦મી સમ્યક્ત્વ-જયંતી (ફાગણ વદ દશમ) તા. ૨૪–૩–૯૧ થી તા. ૨૮–૩–૯૨ —પાંચ દિવસ, તેઓશ્રીના અસીમ ઉપકારોની પાવન સ્મૃતિ અને વિરહવેદનાભીની અનુભૂતિ સહિત સુવર્ણપુરીમાં ઉજવવામાં આવી. આ સમ્યક્ત્વ-જયંતી મહોત્સવમાં ૫૦૦ મુમુક્ષુઓની ઉપસ્થિતિ હતી. તેઓશ્રીની અનુપસ્થિતિમાં આટલી વિશાળ ઉપસ્થિતિ મુમુક્ષુસમાજની તે પવિત્ર આત્મા પ્રત્યેની વિશિષ્ટ શ્રદ્ધા-ભક્તિ પ્રસિદ્ધ કરે છે.

સમ્યક્ત્વજયંતીના અવસરે પ્રતિદિન ક્રમશઃ પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીની ભક્તિ તેમજ સ્વાનુભવરસભીની ધર્મચર્ચા, દેવદર્શન, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં 'બહેનશ્રીનાં વચનામૃત' પર ટેપ-પ્રવચન, આદરણીય પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા બહેનશ્રીની સાધના-મહિમાભરી ભક્તિ તથા પરમાગમ મંદિરમાં 'ચૌંસઠઋદ્ધિમંડળવિધાન' પૂજા, બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર-પ્રવચન, જિનમંદિરમાં આદરણીય પંડિતજી દ્વારા જિનેન્દ્ર-ભક્તિ, સાંજે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું 'ઇષ્ટોપદેશ' ઉપર ટેપ-પ્રવચન અને ત્યારબાદ યાત્રા-વિડિયો દ્વારા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા—એ રીતે અતિ રોચક કાર્યક્રમ સમ્પન્ન થતો હતો. સમ્યક્ત્વ-જયંતીના મંગલ દિવસે પ્રાતઃ ટેપ-પ્રવચન બાદ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ પૂજ્ય બહેનશ્રીનું વિડિયો-માંગલિક તથા પૂજ્ય બહેનશ્રીના વિડિયો-ધર્મોદ્‌બોધનનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ મંગલ અવસરે સર્વશ્રી બ્ર. વ્રજલાલભાઈ શાહ, દેવજીભાઈ પટેલ, ચિમનભાઈ ઠાકરશી મોદી તેમજ બ્ર. ચંદુભાઈ ઝોબાલિયાના શાસ્ત્રપ્રવચન રાખવામાં આવ્યા હતા.

સમ્યક્ત્વ-જયંતીના શુભ અવસરે, તા. ૨૭-૩-૯૨ના રોજ ભાવનગરનિવાસી શ્રી મનુ-ભાઈ ચિમનલાલ મગનલાલ શાહ તરફથી અને તા. ૨૮-૩-૯૨નાના રોજ ઘાટકોપર-નિવાસી શ્રી ભોગીલાલ ચત્રભુજ દોશી તેમજ ખારનિવાસી શ્રી બાબુલાલ માણેકલાલ શાહ તરફથી સ્વામીવાત્સલ્યભોજન આપવામાં આવ્યા હતા.

આ માંગલિક-પ્રસંગે સંસ્થાને નીચે પ્રમાણે આવક થઈ :—

| | |
|---|---|
| '૬૦'ના અંકમાં ૩૮૫ × ૬૦ | = રૂા. ૨૩૧૦૦-૦૦ |
| પ્રાસંગિક મંડલવિધાન પૂજામાં ૨ × ૧૦૦૧ | = રૂા. ૨૦૦૨-૦૦ |
| આરતીમાં ૨૨૩૫ મણ | = રૂા. ૫૫૮૭-૫૦ |
| અન્ય ખાતામાં | = રૂા. ૧૫૫૫-૦૦ |
| | કુલ રૂા. ૩૨,૨૪૪-૫૦ |

સમ્યક્ત્વ-જયંતી પ્રસંગે કાયમી મંડલવિધાન પૂજા—

(૧) શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી-પરિવાર મુંબઈ

(૨) કેટલાક બ્રહ્મચારી બહેનો, સોનગઢ

પ્રાસંગિક મંડલવિધાન પૂજા—

(૧) શ્રી પ્રભુદાસભાઈ તારાચંદભાઈ કામદાર, સોનગઢ

—તરફથી રાખવામાં આવી હતી.

—*—

* સુવર્ણપુરી-તીર્થધામમાં નિર્મિત ૬૩ ફૂટના ઉન્નત 'શ્રી સીમંધર-જિન-માન-સ્તંભ'ની ૪૦મી વાર્ષિકતિથિ ચૈત્ર સુદ-૧૦, તા. ૧૨-૪-૯૨ના રોજ પૂજાભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

## * મહાવીર-જયંતી તેમ જ કહાનગુરુ-પરિવર્તન-જયંતી :—

ચૈત્ર સુદ ૧૩, બુધવાર, તા. ૧૫-૪-૯૨ના રોજ ભગવાન શ્રી મહાવીરસ્વામીનો જન્મકલ્યાણકનો વાર્ષિક પર્વ તથા પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૫૮મો સમ્પ્રદાય-પરિવર્તનદિન પૂજાભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે. *

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીમાં વિદ્યાર્થીઓ માટે—

## * ધાર્મિક શિક્ષણવર્ગ *

વિદ્યાર્થીઓ માટેનો ધાર્મિક શિક્ષણવર્ગ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૦૩મી જન્મ-જયંતીના શુભ-અવસરે તા. ૩૦-૪-૯૨, ગુરુવારથી તા. ૧૯-૫-૯૨, મંગળવાર—વીસ દિવસ સુધી રાખવામાં આવ્યો છે. શિક્ષણેચ્છુ વિદ્યાર્થીઓને સાદર નિમંત્રણ છે.

સૂચના:—(i) શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ તથા ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક છે. (ii) બેડીંગ તથા અન્ય આવશ્યક વસ્તુ જરૂર સાથે લાવવી. (iii) ઉત્તમવર્ગમાં શ્રી પ્રવચનસાર અને શ્રી મોક્ષમાર્ગપ્રકાશક (સાતમો અધિકાર) ઉપર તથા મધ્યમવર્ગમાં પ્રશ્નોત્તરમાળા અને શ્રી મોક્ષમાર્ગપ્રકાશક ઉપર શિક્ષણ આપવામાં આવશે. જેમની પાસે આ પાઠ્યપુસ્તક હોય તેઓ સાથે લાવે (iv) પ્રત્યેક મુમુક્ષુમંડળને અનુરોધ છે કે પોતાના ગામના વધુમાં વધુ મુમુક્ષુઓને લાભ લેવા પ્રોત્સાહિત કરે અને અત્રે આવનારની સંખ્યાની સંસ્થાને જાણ કરે. —*—

---

## આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધિ માહિતી—

પ્રકાશન સ્થાન—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) 364 250
પ્રકાશન તારીખ—દરેક માસની પંદર તારીખ
પ્રકાશક—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) 364 250
સંપાદક—નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ
તંત્રી—હીરાલાલ ભીખાલાલ શાહ, સોનગઢ
મુદ્રક—જ્ઞાનચંદ જૈન, કહાન મુદ્રણાલય, સોનગઢ
રાષ્ટ્રીયતા :– ભારતીય
માલિક :– શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) 364 250

—વ્યવસ્થાપક (મેનેજર)

શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,

તા. ૧૫-૪-૯૨ સોનગઢ (કાનજીસ્વામીનું) 364 250

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની

## દ્વિતીય સાંવત્સરિક સમાધિતિથિ પર સોનગઢમાં પાંચ દિવસીય ધાર્મિક કાર્યક્રમ

[ તા. ૧૫–૫–૯૨ થી તા. ૧૯–૫–૯૨ ]

અનંત-ઉપકાર-મૂર્તિ, સ્વાનુભૂતિ–માર્ગપ્રકાશક, પ્રાતઃ સ્મરણીય પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અધ્યાત્મતીર્થ–સુવર્ણપુરીની શોભા ધર્મરત્ન ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની પવિત્ર સમાધિનો બીજો સાંવત્સરિક દિન આગામી વૈશાખ વદ–૩, મંગળ-વાર, ૧૯–૫–૯૨ના રોજ છે. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના દુઃખદ વિરહની આ વાર્ષિક સમાધિતિથિ નિમિત્તે તા. ૧૫–૫–૯૨ શુક્રવાર તા. ૧૯–૫–૯૨ મંગળવાર સુધી પાંચ દિવસનો ધાર્મિક કાર્યક્રમ— પંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના જ્ઞાનવૈરાગ્ય-પોષક આધ્યાત્મિક ટેપ–પ્રવચનો તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો–ધર્મચર્ચા દ્વારા જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસના, દેવ-ગુરુ-ભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ ઇત્યાદિ ધાર્મિક કાર્યક્રમ—રાખવામાં આવશે.

અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય તેમજ દેવ-ગુરુ-ભક્તિના પોષક આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે શ્રદ્ધાભક્તિવંત સમસ્ત મુમુક્ષુસમાજને શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તરફથી સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં પધારવા હાર્દિક આમંત્રણ છે.

**સૂચના :**—આવાસ તેમ જ ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

# 卐 આગમ મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* જે મનુષ્ય અગણિત ગુણરત્નોથી શોભતા સુંદર આત્મતત્ત્વના ચિંતનમાં સદાય રત છે, તેની બરાબરી કરનાર સંસારમાં કોણ છે?—શું કોડિયાનો દીવો સૂર્યની બરાબરી કરી શકે છે? ૩૦૫.

(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૭૭)

* બહુરિ દેવ-ગુરુ-ધર્માદિકકે નિકટ મદ કરના, વા સાધર્મીનસેં મદ કરના, વા પૂજનાદિક ધર્મ કાર્ય વિષૈં ધનાદિક ખરચિ મદ કરના, વા ધર્મ પદ્ધતિ વિષૈં સુખિયાપણાતૈં પ્રાપ્ત હોય મદ કરના, બહુત શાસ્ત્ર પઢ મદ કરના, બહુરિ અનેક પ્રકાર ધર્મ—અંગનવિષૈં માનકે અભિનિવેશ સહિત ધનાદિક ખરચના, આપકૂં મહાન માનના, અન્ય સાધર્મીનકો આપતૈં તુચ્છ સમજના, વા સાધર્મીનકા અપમાન કરના, અનેક પ્રકાર વસ્ત્રાભૂષણાદિ પહરી સાધર્મીનવિષૈં મદ ધારિ બૈઠના ઇત્યાદિ અનંતાનુબંધીકા ધર્મ વિરુદ્ધ માનભાવ જાનના. ૩૦૬.

(શ્રી દીપચંદજી, ભાવદીપિકા, પાનું-૫૭)

* પુણ્ય અને પાપ બંનેના માર્ગને છોડીને અલખની અંદર જવાય છે; તે બંનેનું (પુણ્ય-પાપનું) કાંઈ એવું ફળ નથી મળતું કે જેનાથી લક્ષ્યની પ્રાપ્તિ થાય. ૩૦૭. (મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા-૧૯૮)

* મિથ્યાત્વી જીવને ક્ષયોપશમરૂપ બુદ્ધિ હોય છે પણ સ્વ-પરનો ભેદ જાણતો નથી તેથી નિજસૂર્યને દેખતો નથી. (અર્થાત્ જ્ઞાનસ્વરૂપ મૂળ આત્માને દેખતો નથી.) માત્ર તડકાને (—અર્થાત્ ઉઘાડરૂપ પર્યાયને) દેખે છે. ૩૦૮. (શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું-૧૫૮)

* કેવળજ્ઞાનમય આત્મા જેના હૈડામાં વસે છે, તે ત્રણલોકમાં મુક્ત રહે છે ને તેને પાપ લાગતું નથી. ૩૦૯.

(મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા-૫૯)

* જેમ એક ડાબલીમાં રત્ન, તેનું કાંઈ બગડયું નથી, એ ગુપ્ત છે, પડ દૂર કરી કાઢે તો વ્યક્ત છે. તેમ શરીરમાં છૂપાયેલો આત્મા છે, તેનું કાંઈ બગડયું નથી, તે ગુપ્ત છે, અને કર્મરહિત થતાં પ્રગટ છે. ગુપ્ત, પ્રગટ એ અવસ્થાભેદ છે. એ બંને અવસ્થામાં સ્વરૂપ તો જેવું ને તેવું જ છે. એવો શ્રદ્ધાભાવ એ જ સુખનું મૂળ છે. જેની દૃષ્ટિ પદાર્થશુદ્ધિ ઉપર નથી, અને કર્મદૃષ્ટિથી અવલોકે ત્યાં સુખ કેમ પામે? જેવી દૃષ્ટિએ દેખે તેવું ફળ થાય. ૩૧૦. (શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૪૪)

* (આ સમ્યગ્દર્શન જ) મોક્ષરૂપી મહેલનું પહેલું પગથિયું છે, આ સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર સાચાપણું પામતા નથી, તેથી હે ભવ્ય જીવો! આવા પવિત્ર સમ્યગ્દર્શનને ધારણ કરો. હે સમજુ દૌલતરામ! સાંભળ, જાણ અને સાવધાન રહે, તારો વખત નકામો-બિનજરૂરી ગુમાવ નહિ. જો સમ્યગ્દર્શન ન થયું તો આ મનુષ્યપર્યાય ફરીને મળવી મુશ્કેલ છે. ૩૧૧. (પં. દૌલતરામજી, છઢાળા, ઢાળ-૩, શ્લોક-૧૭)

* પૂર્ણ, એક, અચ્યુત અને શુદ્ધ એવું જ્ઞાન જેનો મહિમા છે એવો આ જ્ઞાયક આત્મા જ્ઞેય પદાર્થોથી જરા પણ વિક્રિયા પામતો નથી. જેમ દીવો પ્રકાશ્ય પદાર્થોથી વિક્રિયા પામતો નથી તેમ. તો પછી એવી વસ્તુ-સ્થિતિના જ્ઞાનથી રહિત જેમની બુદ્ધિ છે એવા આ અજ્ઞાની જીવો પોતાની સહજ ઉદાસીનતાને કેમ છોડે છે અને રાગદ્વેષમય કેમ થાય છે? (એમ આચાર્યદેવે શોચ કર્યો છે.) ૩૧૨.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૨૨૨)

* 'શરીરાદિથી આત્મા ભિન્ન છે' એ વાત ઘણીવાર ગુરુમુખેથી સાંભળે તથા બીજાઓને તેવો ઉપદેશ પણ વારંવાર આપે, છતાં જ્યાં સુધી આત્માને શરીરાદિથી દૃઢપણે ભિન્ન અનુભવે નહિ અર્થાત્ જ્યાં સુધી સ્વસન્મુખતા પૂર્વક તેનું તેને ભાવભાસન થાય નહિ ત્યાં સુધી જીવ મુક્તિ લાયક બની શકે નહિ. ૩૧૩.

(શ્રી પૂજ્યપાદ આચાર્ય, સમાધિશતક, ગાથા-૮૧

વૈરાગ્ય સમાચાર—

## દિગંબર જૈન સમાજના માનનીય કર્ણધાર

# * સાહૂ શ્રી શ્રેયાંસપ્રસાદજી જૈનનો દેહવિલય *

દિગંબર જૈન સમાજના સુપ્રતિષ્ઠિત નેતા, પ્રસિદ્ધ ઉદ્યોગપતિ, સ્વતંત્રતા-સેનાની, પ્રબુદ્ધવ્યક્તિત્વધારક અને સમાજસેવાપરાયણ સાહૂ શ્રી શ્રેયાંસપ્રસાદજી જૈનનું, લાંબી બિમારી પછી, તા. ૨૯-૩-૯૨ના દિને મુંબઈમાં તેમના નિવાસસ્થાને દેહાવસાન થયું. તેમની ઉંમર ૮૫ વર્ષની હતી. 'પદ્મભૂષણ'થી સન્માનિત દિવંગત શ્રી સાહૂજી મુંબઈની 'બોમ્બે હોસ્પિટલ'ના આનાર્દ પ્રમુખ તેમજ 'દિગંબર જૈન મહાસમિતિ'ના ભૂતપૂર્વ અધ્યક્ષ હતા. તદુપરાંત તેઓશ્રી અનેક સામાજિક તથા ધાર્મિક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. જૈનસમાજ અને ઉદ્યોગજગતમાં તેમનું માનવંતું વિશિષ્ટ સ્થાન હતું. પ્રાચીન જૈન સ્મારકોની સુરક્ષા માટે તેઓ સદા પ્રયત્નશીલ રહેતા હતા. પૂજ્ય ગુરુદેવનાં પ્રવચન સાંભળવા તેઓ મુંબઈમાં અનેક વાર આવેલા. પ્રવચન સાંભળીને તેઓ પ્રસન્નતા વ્યક્ત કરતા હતા.

છેલ્લા દસ વર્ષથી તેમણે ઉદ્યોગ-વ્યાપારથી નિવૃત્તિ લીધી હતી, અને તેઓ સમાજહિત, શિક્ષણ અને ધર્મસેવાનાં કાર્યોમાં વ્યસ્ત રહેતા હતા. તેમના ચિરવિયોગમાં દિગંબર જૈન સમાજને ન પૂરી શકાય એવી એક મોટી ખોટ પડી છે. વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રતિ ભક્તિભાવના પ્રતાપે તેમનો આત્મા શીઘ્ર શાશ્વત સુખશાંતિ પામો—એ જ વૈરાગ્ય તેમજ વિષાદભીની સંવેદના.

શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તથા
સમસ્ત મુમુક્ષુ સમાજ

* ઉમરાળાનિવાસી (હાલ-સુરત) શ્રી મનહરલાલ ધીરજલાલ શાહ (વર્ષ-૭૨) તા. ૧૦-૩-૯૨ના રોજ અચાનક હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અસીમ ભક્તિ હતી. સુરત મુમુક્ષુમંડળના તેઓ આદ્ય-પ્રમુખ હતાં. તેઓ હંમેશા જિનેન્દ્ર અભિષેક, પૂજા, શાસ્ત્ર-સ્વાધ્યાય નિયમિત કરતાં હતાં. તેઓનું છેલ્લું જીવન સ્વાધ્યાયમય થઈ ગયું હતું. તેમના સમગ્ર પરિવાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીની કૃપા દૃષ્ટિ હતી, જેના ફળ સ્વરૂપે પૂજ્ય ગુરુદેવશ્રી અનેકવાર સુરત પધાર્યા હતા અને તેમના ઘરે નિવાસ કર્યો હતો. પૂજ્ય ભગવતીમાતા બહેનશ્રી પ્રત્યે પણ તેઓને અપાર ભક્તિ હતી. સોનગઢ પરમાગમ મંદિરની પ્રતિષ્ઠામાં તેઓએ તન-મન-ધનથી ઘણો લાભ લીધો હતો. છેલ્લે હમણાં જ સુરત મુમુક્ષુમંડળ સાથે, નાદુરસ્ત તબિયત છતાં ભક્તિના બળે સમ્મેદશિખરજીની યાત્રાનો લાભ પણ લીધો હતો.

* સુરેન્દ્રનગર દિ૦ જૈન સંઘના નિયમિત વાંચનકાર ધર્મપ્રેમી મુમુક્ષુભાઈ શ્રી છબીલદાસ ચિમનલાલ દોશી (વર્ષ-૬૭)નું ટૂંકી બિમારીથી તા. ૨૨-૩-૯૨ના દિને અચાનક દેહાવસાન થઈ ગયું છે. સ્વર્ગસ્થ શ્રી છબીલભાઈ તત્ત્વના અભ્યાસી, પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય બહેનશ્રી પ્રત્યે ભક્તિવંત, દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ઉલ્લાસપૂર્ણ ભાવનાવાળા, સુરેન્દ્રનગર દિ૦ જૈન સંઘની દરેક ધાર્મિક પ્રવૃત્તિમાં તન-મન-ધનથી સેવાપરાયણ અને સુરેન્દ્રનગર દિ૦ જૈન સંઘના વિશેષ આદરપાત્ર એક સારા વાંચનકાર હતા. દશલક્ષણપર્યુષણપર્વમાં તેઓ વાંચન માટે બહારગામ પણ જતા હતા. આવા સજ્જન, સુશીલ અને ધર્મપ્રેમી પ્રવચનકાર ખોવાથી ખરેખર ત્યાંના સંઘને એક ન પૂરી શકાય એવી મોટી ખોટ પડી છે. દિવંગત આત્મા સમુપાત્ત ધાર્મિક સંસ્કાર વડે શીઘ્ર આત્મકલ્યાણ પામી પરમાનંદદશાને પ્રાપ્ત થાઓ—એ જ વિરાગ તેમજ વિપાદભીની સંવેદના.

* વાંકાનેરનિવાસી (હાલ-મદ્રાસ) શ્રી શાંતિલાલ છગનલાલ શાહના સુપુત્ર મહેન્દ્રભાઈ (વર્ષ-૪૪) તા. ૨૧-૧૨-૯૨ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

* મોશી (આફ્રિકા) નિવાસી સ્વ. રાયચંદ ધરમશી માલદેના ધર્મપત્ની શ્રી પુરીબેન (વર્ષ-૮૧) તા. ૨-૩-૯૨ના રોજ નાઈરોબી મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસી શ્રી કૈલાસબેન ભાયચંદભાઈ ભાયાણી (વર્ષ-૫૪) તા. ૧૦-૩-૯૨ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ વઢવાણ પ્રતિષ્ઠા મહોત્સવનો તા. ૯-૩-૯૨ સુધી લાભ લીધો હતો.

* ભાવનગરનિવાસી શ્રી રસિકલાલ હીરાલાલ મહેતા (વર્ષ-૬૫) તા. ૧૦-૩-૯૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ચુડાવાળા શ્રી દિલીપભાઈ પ્રેમચંદભાઈ ગોસલિયા (વર્ષ-૫૪) તા. ૧૮-૩-૯૨ ના રોજ સુરેન્દ્રનગર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* બોટાદનિવાસી શ્રી ન્યાલચંદ મલુકચંદ ડગલીના ધર્મપત્ની કમળાબેન (વર્ષ-૭૩) તા. ૨૦-૩-૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે તેમ જ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતા પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વીતરાગી ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના. —*—

---

સૂચના :—શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટનો ફોન નં. ૩૪ ને બદલે ૨૩૪ થયો છે તેની સૌએ નોંધ લેવી. સોનગઢના બધા જ ફોન નંબરમાં આગળ '૨' લગાડવા....જેમકે....કહાનનગર સોસાયટી ફોન નં. ૫૧ ને બદલે ૨૫૧.

અધ્યાત્મ-તીર્થક્ષેત્ર સુવર્ણપુરીમાં અનંત-ઉપકાર-મૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીનો

## 卐 ૧૦૩મો જન્મજયંતી–મહોત્સવ 卐

અનંત-ઉપકાર-મૂર્તિ તારણહાર કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૩મી જન્મજયંતીનો મંગલ-મહોત્સવ તા. ૩૦–૪–૯૨, ગુરુવારથી વૈશાખ સુદ બીજ તા. ૪–૫–૯૨, સોમવાર—પાંચ દિવસ સોનગઢમાં 'શ્રી ચૌંસઠ-ૠદ્ધિમંડલવિધાનપૂજા', પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક ટેપ-પ્રવચનો, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન તેમજ પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા, સમાગત વિદ્વાનોના શાસ્ત્ર-પ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ આદિ અનેકવિધ ધાર્મિક કાર્યક્રમ દ્વારા આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે.

કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૩મી જન્મજયંતી-મહોત્સવ પોતાના તરફથી સોનગઢમાં ઉજવવા માટે રાજકોટ નિવાસી શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર પરિવારે શ્રી દિ. જૈન સ્વાધ્યાય-મંદિર ટ્રસ્ટ સમક્ષ વિનંતી કરતાં, તેમની ગુરુભક્તિને લક્ષમાં લઈને, તેઓને સહર્ષ સ્વીકૃતિ આપવામાં આવતાં, આ મંગલ મહોત્સવ સોનગઢમાં ઉજવવાનો લાભ રાજકોટ નિવાસી શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર–પરિવારને મળશે.

આ મંગલ-મહોત્સવનો લાભ લેવા સોનગઢ પધારવા માટે સમસ્ત ગુરુભક્ત મુમુક્ષુઓને શ્રી કામદાર પરિવાર તરફથી હાર્દિક નિમંત્રણ છે. આવાસ તેમ જ ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક છે. નિમંત્રણ-પત્રિકા યથાસમયે મોકલી આપવામાં આવશે.

—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

## 卐 બ્રહ્મચર્ય-પ્રતિજ્ઞા 卐

સોનગઢનિવાસી શ્રી પ્રભુદાસ તારાચંદ કામદારની સુપુત્રી કુમારી શ્રી વીણાબહેને તા. ૨–૨–૯૨ (પોષ વદ ૧૪, શ્રી આદિનાથ-નિર્વાણ)ના રોજ, પ્રાતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચન પછી, ગુરુદેવશ્રીની પ્રતિકૃતિ (સ્ટેચ્યૂ) સમક્ષ સભામાં, પૂજ્ય ગુરુદેવની 'બ્રહ્મચર્યપ્રતિજ્ઞા-ટેપ' દ્વારા આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી હતી. અધ્યાત્મપ્રધાન તત્ત્વજ્ઞાનના અભ્યાસ માટે પૂજ્ય ગુરુદેવની કૃપાથી આ નિવૃત્તિમાર્ગને અંગીકાર કરવા બદલ કુમારી શ્રી વીણાબહેનને અભિનંદન.

## □ હવે તો શુદ્ધાત્માને ગ્રહણ કર.... □

❀ ગુરુદેવ પાસેથી જે સાંભળ્યું છે તે ઓગાળવું. ધ્યેય એક શુદ્ધાત્માનું જ રાખવું તેના જ માટે વાંચન, વિચાર કરવા જેવાં છે. શુદ્ધાત્માને ઓળખી, તેને અવલંબી, તદ્રૂપ પરિણતિ કરવાનું ગુરુદેવ કહેતા હતા. જીવ અનાદિ કાળથી શુભાશુભ ભાવ કરતો આવ્યો છે, હવે તો શુદ્ધાત્માને ગ્રહણ કર. અનંત જીવોએ તે શુદ્ધાત્માના માર્ગે ચાલી સ્વાનુભૂતિને સાધીને, અંતર સમાધિને સાધી છે. તું પણ તે જ માર્ગે ચાલ.—આ, ગુરુદેવની શીખ હતી.

—પૂજ્ય બહેનશ્રી

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂ. ૬/-

શ્રી ધીરજલાલ . દલાલ પ્રોફેસર
લોકભારતી, પો. ઓ. કોલેજ,
વાયા—સોનગઢ સણોસરા—૩૬૪૨૩૦